॥ सा विद्या या विमुक्तये ॥

સળંગ અંક : ૧૯

વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન સંલગ્ન

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત

# શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ

# સાર્થક

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-'૨૫





પ્રમુખ પાર્ક, પાંડેસરા જી.આઈ.ડી.સી. બી.આર.ટી.એસ.ની પાસે,
ઉધના-નવસારી રોડ, પાંડેસરા, સુરત.

Email : smvmtbedcollege@gmail.com
Website : www.smvmt.com

॥ सा विद्या या विमुक्तये ॥

विधाभारती उच्च शिक्षा संस्थान संलग्न

श्री महावीर विधामंदिर ट्रस्ट संचालित

# श्री महावीर विधामंदिर ट्रस्ट बी.ॲड्. कॉलेज

# सार्थक

शैक्षणिक वर्ष : २०२४-'२५

सळंग अंक : १९

## संपादक

प्रा. अमृतभाई वी. वळवी

प्रमुख पार्क, पांडेसरा जी.आई.डी.सी. बी.आर.टी.एस.नी पासे,
उधना-नवसारी रोड, पांडेसरा, सुरत.

Email : smvmtbedcollege@gmail.com
Website : www.smvmt.com

## :: ટ્રસ્ટનો પરિચય ::

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટની સ્થાપના ઈ.સ. ૧૯૯૬માં કરવામાં આવી હતી. સ્થાપના સમયથી ટ્રસ્ટ કે.જી થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ આપવામાં કાર્યરત છે. ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૯૬માં બાળકો માટે શિશુમંદિરની સ્થાપના કરવામાં આવી હતી. જે અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા સમાજના વંચિત વર્ગોમાંથી આવતા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ આપવા માટે ત્રણ કોલેજોની સ્થાપના કરી છે.

૧. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ

૨. વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ

૩. વિમલ ટોરમલ પોદ્દાર કોમર્સ કોલેજ

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ ની સ્થાપના ઈ.સ. ૨૦૦૩ હતી. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન સાથે જોડાયેલી છે. NCTE માન્યતા પ્રાપ્ત કરેલ છે. કોલેજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. સંસ્થા વિદ્યાભારતીના ઉચ્ચ આદર્શોને સાકાર કરવા માટે કાર્ય કરે છે. વિદ્યાભારતી, ઉચ્ચ શિક્ષા સંસ્થાન રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની શૈક્ષણિક પાંખ છે. જે વિદ્યાર્થીઓને શિક્ષિત કરી, તેમનામાં સામાજિક ચેતના સાથે સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો કેળવીને દેશ અને સમાજ માટે સક્ષમ અને સંપૂર્ણ પેઢીના નિર્માણ કરી રહી છે. કોલેજ સ્થાપના કાળથી ગુણવત્તાયુકત શિક્ષણ સમાજને અર્પણ કરી રહી છે અને દર વર્ષે ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરી રહી છે. કોલેજમાંથી પાસ થનાર તાલીમાર્થીઓ ઝડપથી સારી શાળાઓમાં નોકરી મેળવવા સક્ષમ બને છે.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજમાં બી.એડ્.ની પદવી મેળવનાર તાલીમાર્થીઓમાં રાષ્ટ્રીય મૂલ્યો અને વ્યકિતગત મૂલ્યો ઉજાગર કરવા માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, સહઅભ્યાસિક પ્રવત્તિઓ અને વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે. NEP-2020 ના ભાગરૂપે કોલેજના અધ્યાપકો દ્વારા ૬ વોકેશન કોર્ષ પણ ચલાવવામાં આવી રહ્યા છે. તાલીમાર્થીઓને બિરદાવવા અને પ્રોત્સાહિત કરવા માટે અમારી કોલેજ કટિબદ્ધ છે. તાલીમાર્થીઓમાં રહેલી પ્રતિભાને ઓળખી પ્રોત્સાહિત કરવા માટે તેઓને પ્રમાણપત્રો અને શિષ્યવૃત્તિઓ સ્વરૂપે તાલીમાર્થીઓને રોકડ પુરસ્કાર આપીને તેમની પ્રશંસા કરવામાં આવે છે.

કોલેજ મુખ્યત્વે તાલીમાર્થીના શિક્ષણ દરમિયાન સૈદ્ધાંતિક અને વ્યવહારું બંને પાસાઓના વ્યૂહાત્મક શિક્ષક, માનવી અને સફળ વ્યાવસાયિક બનાવવા તત્પર અને કટિબદ્ધ છે.

## :: શ્રી મહાવીર વિદ્યામંદિરના હોદ્દેદારોનો પરિચય ::

કોઈપણ સંસ્થાના પાયામાં જે - તે સંસ્થાના ટ્રસ્ટીઓનું યોગદાન હોય છે. તેમના વિઝન અને મિશનથી જ સંસ્થા સાચી દિશામાં આગળ વધતી હોય છે. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટને પણ આવા ઉમદા વિચારોવાળા ટ્રસ્ટીઓનું નેતૃત્વ મળ્યું છે.



### શ્રી સુધાકર લાલભાઈ માસ્તર

આપશ્રી એ મિકેનિકલ એન્જિનિયરની શૈક્ષણિક પદવી પ્રાપ્ત કરેલ છે. તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સુરત મહાનગરમાં માનનીય સંઘચાલકનું દાયિત્વ નિભાવો છો. આપશ્રી સ્ટીલના ઉદ્યોગ સાથે પણ સંકળાયેલા છે. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં પ્રમુખ તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રી સુભાષચંદ્ર હીરાનંદ ગંગવાની

આપશ્રી ટેકસટાઈલના વ્યવસાય સાથે સંકળાયેલા છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ઉપપ્રમુખ તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો. આપ અગ્રગણ્ય ઉદ્યોગપતિ તરીકે નામના ધરાવો છો.



### શ્રી ચંદ્રપ્રકાશ પુખરાજ સિંઘવી

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ટી. ડી. વશી શ્રી સરસ્વતી વિદ્યાલયમાં પ્રમુખ તરીકેની જવાબદારી વહન કરી રહ્યા છે. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ઉપપ્રમુખ તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રી નિરજભાઈ ગોપાળભાઈ પટેલ

આપશ્રી લઘુઉદ્યોગ ભારતી દક્ષિણ ગુજરાત પ્રાંતમાં સમિતિ સભ્ય તરીકે કાર્યરત છો. તેમજ વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાનમાં અખિલ ભારતીય સ્ટેરિંગ સમિતિના સદસ્ય તરીકેનું સ્થાન ધરાવો છો. રાજકોટ નાગરિક સહકારી બેંક અને કલ્યાણ જનતા બેંકની સલાહકાર સમિતિ, સુરતના સદસ્ય તરીકે પણ કાર્યરત છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં મંત્રીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રી સંજયભાઈ બળવંતભાઈ લાપસીવાલા

આપશ્રી બાંધકામના વ્યવસાય સાથે કાર્યરત છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો. સમાજમાં વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાયેલા છો.



### શ્રી લક્ષ્મીલાલ પ્યારેચંદ બાફના

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ટી. ડી. વશી શ્રી સરસ્વતી વિદ્યાલયમાં સરંક્ષક તરીકેની જવાબદારી વહન કરી રહ્યા છીએ છે. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રીમતી આશાબેન નરેશકુમાર ભંડારી

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ટી. ડી. વશી શ્રી સરસ્વતી વિદ્યાલયમાં સહમંત્રી તરીકેની જવાબદારી વહન કરી રહ્યા છે. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છે.



### શ્રી ભરતભાઈ પ્રવિણભાઈ વશી

આપશ્રી બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા છે. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છે. પ્રશંસાની વાત એ છે કે આપશ્રીના દાદાશ્રીએ ઉધનામાં આપણી વિદ્યાલયને જમીન દાનમાં આપેલ છે.



### શ્રી વિમલ ટોરમલ પોદ્દાર

આપશ્રી બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા છે. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છે. તેમજ વિવિધ સેવાકીય સંસ્થા સાથે જોડાયેલા છે. આપશ્રી અગ્રણી ઉદ્યોગપતિ તરીકે સ્થાન ધરાવો છો. આપશ્રીના આશીર્વાદના ફળ સ્વરૂપે આ ટ્રસ્ટમાં છાત્રવૃત્તિનો પ્રારંભ થયો



### શ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ

આપશ્રી વ્યવસાયે એન્જીનિયર છો. આપશ્રીએ ૩૫ વર્ષ જુદી-જુદી કંપનીઓમાં સેવા આપેલ છે. તેમજ આપશ્રી હજીરા સ્થિત Larsen & Toubro Company માંથી Total Quality Management (TQM) ના હેડ તરીકે સેવા આપી નિવૃત્ત થયા છો. આપશ્રી વર્ષ ૧૯૮૦ થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રી નાનાલાલ શાહ

આપશ્રી મારબલના અને બાંધકામ વ્યવસાય સાથે જોડાયેલા છો. ટ્રસ્ટમાં આપશ્રી માર્ગદર્શકની ભૂમિકા અદા કરી રહ્યા છો. તેમજ ટી. ડી. વશી શ્રી સરસ્વતી વિદ્યાલયમાં વ્યવસ્થાપક અને વિદ્યાભારતી પ્રાંત કાર્યકારિણીના સદસ્ય રૂપમાં હાલમાં ઉત્તમ કાર્ય કરી રહ્યા છો.



### શ્રી ચંદ્રકાંતભાઈ શાહ

આપશ્રીએ એમ.કોમ., બી.એડ્.ની શૈક્ષણિક પદવી પ્રાપ્ત કરેલ છે. હાલમાં આપશ્રી શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ વિદ્યામંદિરમાં વ્યવસ્થાપક તરીકે કાર્યરત છો. તેમજ ટી. ડી. વશી શ્રી સરસ્વતી વિદ્યામંદિર, ઉધનામાં પણ વ્યવસ્થાપક તરીકે કાર્યરત છો. આપશ્રીએ આર. એન. નાયક ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૩૦ વર્ષની સુદીર્ઘ સેવા આપી હતી.

# અમારો બી.એડ્. પરિવાર શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-'૨૫



# બી.એડ્. પ્રશિક્ષણાર્થી પ્રતિનિધિ મંડળ અને આચાર્યગણ
## (શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-'૨૫)



# સંપાદકની કલમે...

આપણી સંસ્થાના વાર્ષિક મુખપત્ર **'સાર્થક'** અંક - ૧૯માં આપ સૌનું હાર્દિક સ્વાગત છે. આ મુખપત્ર માત્ર કાગળ અને શાહીનું સંયોજન નથી, પરંતુ આપણા સૌના વિચારો, લાગણીઓ અને સર્જનાત્મકતાનું પ્રતિબિંબ છે. આ વર્ષે, આપણે સૌએ સાથે મળીને અનેક પડકારોનો સામનો કર્યો અને અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. આ મુખપત્ર આપણી એ સફરનો જીવંત દસ્તાવેજ છે.

આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં જ્ઞાન અને ટૅક્નૉલોજી ઝડપથી બદલાઈ રહ્યા છે. આ પરિવર્તન સાથે તાલ મિલાવવા માટે, આપણે સતત શીખતા રહેવું પડશે અને નવીન વિચારોને અપનાવવા પડશે. આ મુખપત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને પ્રાધ્યાન્ય આપી શિક્ષણમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કઈ રીતે કાર્ય કરે છે? ભવિષ્યમાં શિક્ષણ જગતને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અગત્યનું પુરવાર થશે કે કેમ? તેવા પ્રશ્નો પણ થાય છે. જોકે અત્યાર સુધીના અનુભવ પરથી કહી શકું છું કે AI વિદ્યાર્થીઓની શીખવાની ગતિ ઝડપી બનાવશે. ટૂંકા સમયગાળામાં વધુ જ્ઞાન આપી જાય છે. છતાં એ જ્ઞાનની સત્યતા તપાસવી મહત્ત્વની છે. વ્યક્તિની સર્જનશીલતા તેની કલા અને લાગણીઓ સાથે જોડાયેલ છે. જેથી કહી શકાય કે વ્યક્તિની સર્જનાત્મકતાને નુકસાન કરશે. AIનો ઉપયોગ જેમ-જેમ વધશે તેમ-તેમ અનેક પડકારો આવશે. સાવચેતીપૂર્વક ટૅક્નૉલોજીનો ઉપયોગ એ માણસની સકારાત્મક બુદ્ધિનો પરિચય આપે છે. જ્યારે ટૅક્નૉલોજીનો દુરપયોગ એ નકારાત્મક બુદ્ધિનો પરિચય આપે છે.  આ અંકમાં AI in Educationને ધ્યાનમાં રાખી અધ્યાપકોએ અને તાલીમાર્થીઓએ વિવિધ લેખોના માધ્યમથી પોતાના વિચારોને પ્રસ્તુત કર્યા છે. જે આપણને આ પરિવર્તનશીલ દુનિયામાં આગળ વધવા માટે પ્રેરણા આપશે.

આ મુખપત્રમાં તાલીમાર્થીઓ, અધ્યાપકોના લેખો અને રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લેખો અને રચનાઓ આપણા સૌની પ્રતિભા અને સર્જનાત્મકતાનો પુરાવો છે. હું આ મુખપત્રમાં યોગદાન આપનાર સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આપણે સૌ સાથે મળીને આપણી સંસ્થાને વધુ ઊંચાઈઓ પર લઈ જઈએ અને જ્ઞાનના અજવાળામાં ડગ માંડતા રહીએ.

**- પ્રા. અમૃતભાઈ વળવી**
**સંપાદક**

નોંધ : આ અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ કે વિચારો જે તે લેખક કે સર્જકને આધીન હોય સંપાદક મંડળ કે સંસ્થા તે માટે જવાબદાર નથી.

# પ્રધાનાચાર્યશ્રીની કલમે...

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજનું આ 21મું વર્ષ પૂર્ણ થયાનું અતિ ગૌરવની લાગણી અનુભવીએ છીએ. કૉલેજ દિવસેને દિવસે ખૂબ પ્રગતિ સાધી રહી છે ત્યારે ઈન્ચાર્જ પ્રધાનાચાર્યા તરીકેની મારી ભૂમિકામાં કૉલેજને હજુ ઉત્તરોત્તર પ્રગતિ કરાવવાની અને દક્ષિણ ગુજરાતની પ્રતિભા સમક્ષ કૉલેજને ઉચ્ચ સ્થાન અપાવવાની ઈચ્છા છે.

કૉલેજની સિદ્ધિની જો વાત કરીએ તો અહીં વિદ્યાર્થીઓ ખૂબ જ આશા અને અપેક્ષાઓ લઈ બી.એડ્.ની તાલીમ મેળવવા માટે આવતા હોય છે તેઓની એક ઉત્તમ શિક્ષક બનાવવાની ઝંખના જોઈ દરેક અધ્યાપક તે મૂર્તિ ઘડવામાં પોતાનો કિંમતી સમય ફાળવતા જોવા મળે છે. વિદ્યાર્થીઓ નવીન પદ્ધતિઓ દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરે અને પોતાના ઉત્તમ પાઠો આપે તે માટે વિવિધ શિક્ષક કેન્દ્રી અને વિદ્યાર્થીકેન્દ્રી પદ્ધતિઓનું શિક્ષણ અમે આપી રહ્યા છીએ.

હાલના AI ના યુગ સાથે તાલીમાર્થીને જોડવા ICT in education, creative writing and skills  જેવા વોકેશનલ કોર્સ પણ શરૂ કર્યા છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની માનસિક સિવાય શારીરિક સ્થિતિની ખીલવણીની વાત કરીએ તો તેઓને રમત ગમતના ક્ષેત્રે આગળ લાવવા માટે ખેલ મહાકુંભમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ અને સિલ્વર મેડલ લાવી કૉલેજનું ગૌરવ વધારી પોતાની પ્રતિભાને ખીલવી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિના મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધનને ધ્યાનમાં રાખી સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું પણ આયોજન કરવામાં આવે છે આ ઉપરાંત વિવિધ તહેવારોની ઉજવણી, ગીતા જયંતીની ઉજવણી, વિવિધ પ્રોગ્રામો અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિમાં આવતા તહેવારોને ઓળખે, સમજે અને શાળા સુધી તેનો ફેલાવો કરે. તાલીમાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવા માટે અહીં વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે. જેમાં S ફેક્ટર, રંગોળી સ્પર્ધા, નૃત્ય સ્પર્ધા, નાટક સ્પર્ધા, ભજન સ્પર્ધા, કાવ્ય પઠન સ્પર્ધા, વર્ષા ગીત સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, જન્મ દિન કાર્ડ બનાવટ સ્પર્ધા વિશેષ છે.

આ ઉપરાંત સંશોધન ક્ષેત્રે અધ્યાપકોના વિકાસ અંતર્ગત આ વર્ષે બેદિવસીય ઈન્ટરનેશનલ સેમિનાર(IMCR-2025)નું પણ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ યુનિવર્સિટી અને તે સંલગ્ન કૉલેજોના 230 જેટલા અધ્યાપકોએ ભાગ લઈ પોતાના પેપરની રજૂઆત કરી હતી.

વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન સાથે સંલગ્ન આ સંસ્થાના તાલીમાર્થીઓને વંદના સાથે ગીતાના શ્લોકોનું ગાન સાથે દીક્ષાંત કાર્યક્રમમાં તાલીમાર્થીઓને દીક્ષા આપી સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. તેમના ભવિષ્યની ચિંતા સાથે આ સંસ્થા શિક્ષક રોજગાર ભરતી મેળાનું પણ આયોજન કરી તેમને અભ્યાસ બાદ તરત જ નોકરી આપવાનું કામ કરી રહી છે.

કૉલેજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ટ્રસ્ટીશ્રી, સલાહકારશ્રી તેમજ વ્યવસ્થાપકશ્રી દરેક કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન આપે છે અને તેમના માર્ગદર્શન થકી અમને દરેક કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં સહકાર મળે છે.

**- ડૉ. જયશ્રીબેન કાનાણી**
**ઈન્ચાર્જ પ્રધાનાચાર્યા**

# શુભેચ્છા સંદેશ



આત્મીય તાલીમાર્થીઓ ગુરુજનો એવમ્ મહાનુભવો,

આજે આપણી આ શ્રેષ્ઠ કૉલેજ માટે વિશેષ પ્રસંગે હું હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવું છું આ સંસ્થા માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી પરંતુ સંસ્કાર પરિશ્રમ અને સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેનું પવિત્ર સ્થાન વિદ્યામંદિર છે.

આપ તાલીમાર્થીઓ આપણી સંસ્થા તથા રાષ્ટ્ર ઉત્થાન માટે આશાનું કિરણ છો. આપનો અભ્યાસ શ્રદ્ધા અને સંકલ્પ આપના જીવનના પવિત્ર લક્ષણોને સુધી પહોંચવાનું માધ્યમ બની રહો અને તેમાં સફળ રહો.

બી.ઍડ્.નું શિક્ષણ માત્ર પદવી મેળવવાનું સાધન નથી અપીતુ તે વ્યક્તિત્વ ઘડવા માટેનો એક પવિત્ર યજ્ઞ છે.

શ્રેષ્ઠ અધ્યાપકો દ્વારા આપને મળતું માર્ગદર્શન આ સંસ્થાની અનમોલ સંપત્તિ છે અને તેના દ્વારા એક એવી પેઢીનું નિર્માણ કરવું છે જે હિંદુત્વની શ્રેષ્ઠ રાષ્ટ્ર ભક્તિથી ઓતપ્રોત તથા શારીરિક માનસિક તથા બૌદ્ધિક અને આધ્યાત્મિક દૃષ્ટિથી પૂર્ણ વિકસિત હોય તથા જીવનની વર્તમાન સ્થિતિ તથા વર્તમાન પડકારોનો સફળતાપૂર્વક સામનો કરી શકે.

આ મહાન યાત્રામાં મહાવિદ્યાલય કૉલેજના વિકાસ માટે આપ સર્વે એ પોત પોતાની જવાબદારી નિભાવી છે.

આપ સર્વેના પ્રયાસોથી આવનારા દિવસોમાં આપણી સંસ્થા વધુને વધુ પ્રગતિ કરે તથા દેશ અને દુનિયામાં આપ તાલીમાર્થી ભાઈ અને બહેનો, નામના મેળવે એવી હૃદયથી શુભેચ્છા પાઠવું છું.

**શ્રી સુધાકરજી માસ્ટર**
**પ્રમુખશ્રી,**
**શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ**

# શુભેચ્છા સંદેશ



માનનીય સંપાદક મંડળ,
'સાર્થક' મેગેઝીન

શિક્ષણ એ માત્ર શીખવાની પ્રક્રિયા નહીં, પણ એક વ્યક્તિત્વ ઘડવાની યાત્રા છે. તે માનવજીવનને માત્ર તર્કબદ્ધ અને જ્ઞાનસભર બનાવતું નથી, પણ વિચારશીલતા, નૈતિક મૂલ્યો અને સજ્જનતાનો પણ વિકાસ પણ કરે છે. શિક્ષણ એ વ્યક્તિમાં જ્ઞાન, કુશળતા અને મૂલ્યો પ્રદાન કરવાની પ્રક્રિયા છે. શિક્ષણ સમાજમાં શિસ્ત, સમજણ અને સમાનતાનું વલણ લાવે છે. આજનું શિક્ષણ નોકરીઓ, વ્યાપાર અને નવી તકનીકીઓ દ્વારા દેશના વિકાસમાં યોગદાન આપે છે. આજના આ ઝડપી યુગમાં શિક્ષણની પદ્ધતિઓ યુગ સાથે બદલાઈ રહી છે. પ્રાચીન કાળમાં ગુરુકુલ પદ્ધતિ હતી, જ્યારે આજના સમયમાં ડિજિટલ શિક્ષણ, પ્રોજેક્ટ-બેઝ્ડ લર્નિંગ, અને ક્રિટિકલ થિંકિંગ પર ભાર મૂકવામાં આવે છે. ભારતની પ્રાચીન શિક્ષણ પદ્ધતિ, જ્યાં શિષ્યો ગુરુ પાસે રહીને જીવનમૂલ્યો શીખતા. ત્યારે આજે બ્લેકબોર્ડ, પુસ્તકો અને પરીક્ષા આધારિત અભ્યાસ પદ્ધતિ, ઈ-લર્નિંગ, ઓનલાઈન કોર્સ, અને પ્રેક્ટિકલ બેઝ્ડ લર્નિંગ જોવા મળી રહ્યું છે. આ બધી જ બાબતોને પહોંચી વળવા માટે શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ ખૂબ જ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડી રહી છે તેનો મને ગર્વ છે. આજનો શિક્ષક એ શિક્ષણ ઘડતરમાં કેન્દ્રસ્થાન ધરાવે છે. એક સારો શિક્ષક જ શિક્ષણને પ્રેરણાત્મક બનાવી શકે. રાષ્ટ્રનિર્માણમાં અમૂલ્ય યોગદાન આપી શકે તેવા શિક્ષકો ઘડવાનું કાર્ય અમારી બી.એડ્. કૉલેજ કરી રહી છે. સાથો સાથ મૂલ્ય શિક્ષણ અને સમાજ ઉદ્ધારક શિક્ષકોનું નિર્માણ થઈ રહ્યું છે. આજે રાષ્ટ્રની અને સમાજની સેવા કરવી મહત્ત્વની છે. જેમાં શિક્ષણ જ એક વિભાગ છે જે બધાને એ દિશામાં દોરવણી કરી શકે છે. 'સાર્થક' મુખપત્ર દ્વારા નવા નવા આયામોને સમાજ સુધી પહોંચાડવાનું કાર્ય થઈ રહ્યું છે. તે બદલ બી.એડ્.ના પ્રધાનાચાર્ય, અધ્યાપકો અને તાલીમાર્થીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**શ્રી નીરજભાઈ પટેલ**
**સેક્રેટરીશ્રી,**
**મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ**

# શુભેચ્છા સંદેશ



પ્રતિ,
પ્રધાનાચાર્યશ્રી,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ
પાંડેસરા, સુરત.

શિક્ષણ એ આપણા જીવનનું અગત્યનું પાસું છે. શિક્ષણ થકી સ્વની સાથે સમાજ, રાજ્ય અને રાષ્ટ્રના વિકાસ તેમજ સફળતાનાં શિખરો સર કરી શકાય છે. શિક્ષણ એ મનુષ્ય જીવનના વિકાસની પ્રણાલી છે અને શાળા તથા મહાવિદ્યાલયો એ શિક્ષણનું મંદિર છે. જ્યા શિક્ષણ, શિસ્ત અને સંસ્કારનું જતન થાય છે.

વિદ્યાભારતીની પ્રેરણાથી પ્રારંભ થયેલા વિદ્યાલયો અને મહા વિદ્યાલયો દ્વારા આપણા કાર્યની સુવાસ સર્વત્ર ફેલાયેલી જોવા મળે છે. આપની સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી ક્ષમતાઓને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર Al in Education થીમ હેઠળ વાર્ષિક મુખપત્ર **‘સાર્થક’** પ્રસિદ્ધ કરી રહ્યા છો તે બદલ ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

**ભવદીય,**
**મહેશ પતંગે**
**સંગઠનમંત્રી,**
**વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ**

# શુભેચ્છા સંદેશ



માનનીય સંપાદક મંડળ,
'સાર્થક' મેગેઝીન

ભારતીય શિક્ષણ અને જીવન મૂલ્યો માટે સમર્પિત વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન અને સંલગ્ન આપના શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ દ્વારા પ્રકાશિત થનાર વાર્ષિક મુખપત્ર સાર્થક ને હૃદયથી અભિનંદન પાઠવું છું.

વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન કર્તવ્યનિષ્ઠ યુવા પેઢીના નિર્માણ માટે, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનોનો ગુણવત્તાપૂર્ણ વિકાસ થાય તે માટે તેમજ સમરસ, સુસમ્પન્ન અને સુસંસ્કૃત રાષ્ટ્રના નિર્માણ માટે સંકલ્પબદ્ધ છે.

ઉપર્યુક્ત વિદ્યાભારતીના તમામ વિચારોને આત્મસાત્ કરીને શિક્ષણના આદર્શ સ્વરૂપને પ્રગટ કરવામાં આપના સૌ આચાર્યો અને ટ્રસ્ટી મંડળનો ફાળો અમૂલ્ય છે.

શિક્ષણ દ્વારા સંસ્કારોનું સિંચન થાય છે. સાથે જ વિદ્યાર્થિની ભાવનાઓ અને લાગણીઓનો વિકાસ થાય, મનુષ્ય સત્કર્મના માર્ગ ઉપર ચાલનારો બને, સમષ્ટિ ભાવ ધારણ કરી જીવન જીવે, તેનામાં દયા-કરૂણા, સ્નેહ-પ્રેમ, મમતા-વાત્સલ્ય, નિર્ભયતા-ત્યાગ, સેવા-સમર્પણ, સદ્દભાવના અને સહિષ્ણુતા જેવા આધર્શોને સ્વીકારીને સમાજ-સેવા દ્વારા પોતાના મનને પ્રસન્ન રાખે તે શિક્ષણને મૂળભૂત ઉદ્દેશ્ય છે.

હું આશા રાખું છું કે આ પ્રમાણેના વિચારોને વેગવંતા બનાવવામાં આપનું **'સાર્થક'** મુખપત્ર 'સ્વ નામ ધન્ય' બનશે જ.

ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

**ડૉ. રાજેશ વ્યાસ**
**ક્ષેત્રિય સંયોજક**
**વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન.**
**ગુજરાત પ્રાંત**

# શુભેચ્છા સંદેશ



માનનીય સંપાદક મંડળ,
'સાર્થક' મેગેઝીન

મને અત્યંત આનંદ છે કે **'સાર્થક'** મેગેઝીન આ અંક માટે 'AI in Education' જેવી મહત્વપૂર્ણ અને સમકાલીન થીમને આવરી લે છે. આ વિષય આજના યુગમાં અત્યંત પ્રસ્તુત છે, જ્યાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) શિક્ષણની પરિભાષાને મૂળભૂત રીતે બદલવાની ક્ષમતા ધરાવે છે. શિક્ષણ માત્ર માહિતીપ્રદાન કરવાનું એક માધ્યમ નથી, પણ તે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનું એક શક્તિશાળી સાધન છે. AI માત્ર શિક્ષકો માટે સહાયક સાબિત થઈ રહ્યું છે, પણ વિદ્યાર્થીઓ માટે પણ એક કૌશલ્યવર્ધક સાધન તરીકે ઉભરી રહ્યું છે.

આજની પ્રજ્ઞાસંપન્ન પેઢી માટે શિક્ષણમાં AIના વલણને સમજૂતીપૂર્વક અપનાવવું ખૂબ જ જરૂરી બની ગયું છે. AI દ્વારા નવું શીખવાની પ્રક્રિયામાં ગતિ આવે છે, વ્યક્તિગત અભ્યાસપદ્ધતિ વિકસે છે અને શિક્ષકોને વિદ્યાર્થીઓના પ્રગતિ પર વધુ સુચનાત્મક દ્રષ્ટિકોણ અપનાવવા માટે સાધન મળે છે. તેમાં ખાસ કરીને Natural Language Processing (NLP), Machine Learning (ML) અને Big Data Analytics જેવી ટૅક્નોલોજીઓ અભ્યાસક્રમની ગુણવત્તા અને પદ્ધતિઓમાં સુધારો લાવી શકે છે.

ગુજરાતે શિક્ષણના ક્ષેત્રમાં હંમેશા નવીનતા અને સંશોધનનું આગવું સ્થાન ધરાવ્યું છે. આ સંદર્ભમાં, વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન, ગુજરાત પ્રાંત, હંમેશા ગુણવત્તાસભર અને સંસ્કારસભર શિક્ષણ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ રહ્યું છે. AI જેવો નવીન વિષય શિક્ષણમાં ક્રાંતિ લાવી શકે છે, અને તે આપણા ગૌરવશાળી શિક્ષણ પરંપરાને વધુ સમૃદ્ધ બનાવવા માટે અમૂલ્ય યોગદાન આપી શકે છે.

મને ખાતરી છે કે 'સાર્થક' મેગેઝીનનો આ વિશેષ અંક આ વિષય પર ઊંડાણપૂર્વક પ્રકાશ પાડશે અને શિક્ષણવિદો, સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક સાબિત થશે. વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન, ગુજરાત પ્રાંત તરફથી 'સાર્થક' મેગેઝીનના સમગ્ર સંપાદન મંડળને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. શુભકામનાઓ સાથે...

**ડૉ. રિદ્ધિ એસ. દેસાઈ**
**ઉપપ્રમુખ,**
**વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન,**
**ગુજરાત પ્રાંત**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | રચયિતા | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|---|
| ૧. | વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન પરિચય | - | ૧ |
| ૨. | અમારો પરિવાર | - | ૨ |
| ૩. | પ્રશિક્ષણાર્થી પ્રતિનિધિમંડળ | - | ૩ |
| ૪. | અધ્યાપકોની સિદ્ધિઓની ઝલક | - | ૪ |
| ૫. | વર્તમાન સમયમાં AI શિક્ષણમાં ઉપયોગી કે અનુપયોગી ? | ડૉ. જયશ્રી કાનાણી | ૧૦ |
| ૬. | Maths and Artificial Intelligence | Dr. Binny Mehta | ૧૨ |
| ૭. | શિક્ષણમાં AI આશીર્વાદરૂપ કે અભિશાપ!? | પ્રા. ભાવિકા પટેલ | ૧૫ |
| ૮. | AI અને આધુનિક હિસાબી વ્યવસ્થામાં ક્રાંતિ | પ્રા. અમીત સુરતી | ૧૭ |
| ૯. | The Potential of AI in English Language Teaching | Prof. Sagar Gandhi | ૧૯ |
| ૧૦. | AI's Educational Double-Edged Sword: A Call for Balance | Shakshi Mishra | ૨૩ |
| ૧૧. | AI और शिक्षा का संगम | सिंघ प्राप्ति | ૨૪ |
| ૧૨. | The Ethics of AI in Education: Innovation or Invasion? | Poonam Biswas | ૨૫ |
| ૧૩. | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ : એક પરિચય | ચૌહાણ રૂપાલી | ૨૬ |
| ૧૪. | AI અને શિક્ષણ : એક ક્રાંતિકારી પરિવર્તન | પટેલ કાજલ | ૨૯ |
| ૧૫. | શિક્ષણ અને AI  : બદલાતા સમયની માંગ | પટેલ ભૂમિ | ૩૦ |
| ૧૬. | AI: Transforming the Future of Education | Archana Suroshe | ૩૧ |
| ૧૭. | AIનો ઉપયોગ | દેસલે વર્ષા | ૩૨ |
| ૧૮. | Use of AI in Education | Pradhan Rajlaxmi | ૩૨ |
| ૧૯. | AI શીખવાની પદ્ધતિઓને વધુ અસરકારક બનાવે છે | ચૌધરી તુષાર | ૩૪ |
| ૨૦. | AI ટેક્નોલોજી શિક્ષકનું સ્થાન ન લઈ શકે | ચૌધરી નિલય | ૩૬ |
| ૨૧. | શિક્ષણમાં AIનું સ્થાન અતિ મહત્ત્વનું | ગોસાવી સ્નેહલ | ૩૭ |
| ૨૨. | વર્તમાન સમયની જરૂરિયાત શિક્ષણમાં AI | પરમાર મનિષા | ૩૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૩. | AI આપણો મિત્ર કે દુશ્મન.......? | ભટ્ટ વૈષ્ણવી | ૪૦ |
| ૨૪. | શિક્ષણમાં AI ના ઉપયોગના ફાયદા | કુરેશી ફાતેમા | ૪૧ |
| ૨૫. | AI की एक अनोखी कविता! | वर्षा चौधरी | ४३ |
| २६. | कृत्रिम बुद्धिमत्ता (AI) | सिंघ प्रियंका | ४४ |
| ૨૭. | કૉલેજ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓની વિગત | - | ૪૫ |
| ૨૮. | આંતર કૉલેજ અને યુવક મહોત્સવ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા તાલીમાર્થીઓની વિગત | - | ૪૯ |
| ૨૯. | રમતોત્સવ - ૨૦૨૪માં થયેલ વિજેતાઓની યાદી | - | ૫૦ |
| ૩૦. | રમતોત્સવ - ૨૦૨૫માં થયેલ વિજેતાઓની યાદી | - | ૫૧ |
| ૩૧. | Result Analysis and Toppers Name | - | ૫૨ |
| ૩૨. | હાર્દિક ઋણાનુભવ | - | ૫૫ |
| ૩૩. | પ્રશિક્ષણાર્થીઓના નામ-સરનામાં વર્ષ : ૨૦૨૩-'૨૫ | - | ૫૬ |
| ૩૪. | વર્તમાનપત્રમાં અમારી કૉલેજ | - | ૬૪ |
| ૩૫. | અમારી સંસ્થાના મુલાકાતીઓના અભિપ્રાયો | - | ૬૫ |
| ૩૬. | હમારા લક્ષ્ય | - | ૬૬ |
| ૩૭. | વિવિધ કાર્યક્રમોની ઝલક કેમેરાની નજરે | - | |

# વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન પરિચય

વિદ્યાભારતી ૧૯૫૨ થી શિક્ષણના ક્ષેત્રમાં દેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. વિદ્યાર્થીઓને શિક્ષિત કરીને, તેમનામાં સામાજિક ચેતના સાથે સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો કેળવીને, તે દેશ અને સમાજ માટે સક્ષમ અને સંપૂર્ણ અને પેઢીનું નિર્માણ કરી રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીના આધારે એક સુમેળપૂર્ણ સમૃદ્ધ અને સંસ્કૃતિ રાષ્ટ્રનું નિર્માણ અને વિકાસ કરવાની અમારી પ્રતિબદ્ધતા છે. વિદ્યાભારતીનો કાર્યક્રમ અને પ્રવૃત્તિઓ સમાજ આધારિત અને સમાજની પ્રકૃતિ છે જેમાં ભારતીય શિક્ષણ ફિલસૂફીના આધારે વિદ્યાર્થીઓમાં જ્ઞાન, કૌશલ્ય અને પ્રેરણાનો વિકાસ કરીને સંપૂર્ણ વ્યકિતત્ત્વનું નિર્માણ કરવાનો સંકલ્પ છે. વિદ્યાભારતી સરસ્વતી શિશુ વાટિકા, સરસ્વતી શિશુમંદિર, સરસ્વતી વિદ્યામંદિર અને વરિષ્ઠ માધ્યમિક શાળાઓ ચલાવે છે. કુશળ અને કાર્યક્ષમ શિક્ષકો તૈયાર કરવા માટે ૨૫ શિક્ષક તાલીમ કોલેજો છે. આ ઉપરાંત, વિદ્યાભારતી દ્વારા સંચાલિત ૪૦ ડિગ્રી કૉલેજો પણ છે. આ રીતે શાળાના શિક્ષણની સાથે વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં પણ કામ કરી રહી છે. આ કાર્યને સમાજમાં વ્યાપક સ્વીકૃતિ મળી છે.

વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાનની સ્થાપના ગુણવત્તાયુક્ત શિક્ષણની વિભાવનાઓને સાકાર કરવા માટે કરવામાં આવી છે જેનો ઉદ્દેશ્ય ઉચ્ચ શિક્ષણના આદર્શ અને પ્રવૃત્તિઓને નિર્ધારિત કરવાનો છે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સંસ્થાઓ સાથે સંપર્ક, સંવાદ અને સંકલન સ્થાપિત કરીને સકારાત્મક પરિવર્તન લાવવાની દિશામાં કામ કરવાની સખત જરૂર છે. વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન શ્રેષ્ઠ શિક્ષણ કેન્દ્રો બનાવવાનો પ્રયત્ન કરે છે જે પ્રાચીન અને આધુનિક પરંપરાગત અને બિનપરંપરાગતનું સંયોજન હશે.

# અમારો બી.એડ્. પરિવાર

## આચાર્યગણ



**ડૉ. જયશ્રીબેન કાનાણી**
M.A., B.Ed., M.Ed., GSET, Ph.D.
કાર્યકારી પ્રધાનાચાર્યા



**શ્રીમતિ ભાવિકાબેન પટેલ**
M.Sc., B.Ed., M.Ed., GSET (Ph. D. Running)
આસિસ્ટન્ટ પ્રોફેસર



**ડૉ. બિન્નીબેન મહેતા**
M.Sc., B.Ed., M.Ed., M.Phil, Ph.D.
આસિસ્ટન્ટ પ્રોફેસર



**શ્રી અમિતભાઈ સુરતી**
M.Com., B.Ed., M.Ed., GSET (Ph. D. Running)
આસિસ્ટન્ટ પ્રોફેસર



**શ્રી અમૃતભાઈ વળવી**
M.A., B.Ed., M.Ed., GSET (Ph. D. Running)
આસિસ્ટન્ટ પ્રોફેસર



**શ્રી સાગરભાઈ ગાંધી**
M.A., B.Ed., M.Ed., GSET (Ph. D. Running)
આસિસ્ટન્ટ પ્રોફેસર

## બિનશૈક્ષણિક કર્મચારીઓ



**શ્રી વિપુલભાઈ પટેલ**
B.Li.Sc., M.Li.Sc., GSET (Ph.D. Running)
લાઈબ્રેરીયન



**શ્રી નિરવભાઈ પટેલ**
B.Com.
ક્લાર્ક



**શ્રીમતિ અરૂણાબેન પટેલ**
STD. 10
સેવિકા બહેન

# બી.એડ્. પ્રશિક્ષણાર્થી પ્રતિનિધિમંડળ વર્ષ : ૨૦૨૩ -’૨૫

**અધ્યક્ષ :** ડૉ. જયશ્રીબેન કાનાણી(પ્રધાનાચાર્યા) **સામાન્ય મંત્રી :** ગોસાવી સ્નેહલ

### સુશોભન અને રંગોળી સમિતિ

**અધ્યાપક** : ડૉ. જયશ્રીબેન કાનાણી
: પ્રા. સાગર ગાંધી
**પ્રમુખ** : વસાવા દીપિકા
**મંત્રી** : વસાવા હર્ષિદા
**સભ્ય** : ગઢવી ક્રિષ્ના

### બુલેટિન સમિતિ

**અધ્યાપક** : ડૉ. બિન્નીબેન મહેતા
**પ્રમુખ** : પટેલ ભૂમિ
**મંત્રી** : કાકડિયા અમી
**સભ્ય** : ચૌધરી તુષાર

### સાંસ્કૃતિક સમિતિ

**અધ્યાપક** : પ્રા. સાગર ગાંધી
**પ્રમુખ** : ચોક્સી દેવાંશી
**મંત્રી** : પલાસ સૃષ્ટિ
**સભ્ય** : ધનગર ભૂમિકા

### રમત ગમત/ સ્વચ્છતા સમિતિ

**અધ્યાપક** : પ્રા. અમીત સુરતી
: પ્રા. ભાવિકા પટેલ
**પ્રમુખ** : ચૌધરી સાવન
**મંત્રી** : ચૌધરી નિલય
**સભ્ય** : અન્સારી જાવેદ

### બૌદ્ધિક અને પ્રવાસ સમિતિ

**અધ્યાપક** : પ્રા. અમૃત વળવી
**પ્રમુખ** : મિશ્રા સાક્ષી
**મંત્રી** : થોંબલે પ્રતિક્ષા
**સભ્ય** : કોટાવાલા અલેફિયા

### ગ્રંથાલય અને મેગેઝીન સમિતિ

**અધ્યાપક** : પ્રા. અમૃત વળવી
: પ્રા. ભાવિકા પટેલ
**પ્રમુખ** : દેસલે વર્ષા
**મંત્રી** : સિંઘ પ્રાપ્તિ
**સભ્ય** : પાટીલ વર્ષા

### વંદના સમિતિ

**અધ્યાપક** : ડૉ. જયશ્રીબેન કાનાણી
: પ્રા. અમીત સુરતી
**પ્રમુખ** : ઢીંમર ભૂમિકા
**મંત્રી** : ચંદ્રવડિયા અર્ચના
**સભ્ય** : પટેલ કાજલ

### હિસાબ સમિતિ

**અધ્યાપક** : ગોસાવી સ્નેહલ
**પ્રમુખ** : બારીક બર્ષા
**મંત્રી** : -
**સભ્ય** :

### ICT અને ફોટોગ્રાફી સમિતિ

**અધ્યાપક :** પ્રા. અમૃત વળવી, પ્રા. અમીત સુરતી
**પ્રમુખ :** પલાસ સોહમ, **મંત્રી :** બોરીચા ઓમ
**સભ્ય :** પટનાયક શિબાનંદ

# અધ્યાપકોની સિદ્ધિઓની ઝલક

### ડૉ. જયશ્રી યુ. કાનાણી

1. Contribution Of Indian Knowledge Systems In Various Fields શીર્ષક હેઠળ Arka Jain University, Zharkhand દ્વારા તા. 16 થી 21 સપ્ટેમ્બર, 2024ના રોજ ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.
2. International Multidisciplinary Conference on Research (IMCR-2025)માં A Path to Better Education: What India Can Learn from Finland's Educational System શીર્ષક હેઠળ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 4 અને 5 જાન્યુઆરી, 2025ના રોજ ઈન્ટરનેશનલ સેમિનારનું આયોજન કર્યું હતું જેમાં સહભાગી થઈ સંશોધન પેપર રજૂ કર્યું હતું.
3. NEP 2020 : Empowering Faculty, Enhancing Education શીર્ષક હેઠળ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 8 માર્ચ, 2025ના રોજ એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.
4. 'Today's Exams: The Role of Students, Teachers, Parents and Society શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat દ્વારા તા. 21 માર્ચ, 2025ના રોજ એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.

### ડૉ. બિન્નીબેન વી. મહેતા

1. 21st Century education understanding & Implementation of NEP શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 13/06/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
2. Human Rights શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 20/06/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
3. Yoga for Mental and Physical Wellness શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 29/06/2024ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
4. Shielding Against Monsoon Diseases: An Expert Advice શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 11/07/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.

5. The Beat of Life: Understanding and Treating Heart Conditions શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 20/07/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
6. Leveraging Technology for Better Educational Outcomes શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 02/08/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
7. Debunking Mythology શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 04/10/2024ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
8. Positive Attitude for Professional Excellence શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 19/10/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
9. From Premchand to Present: Evolution of Hindi Fiction શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 28/10/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
10. Empowering Educators in AI and IoT શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 13/11/2024ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
11. Migratory Birds of Gujarat શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 20/11/2024ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
12. Malaviya Mission Teacher Training Center (MMTTC) of UGC Organized by The Maharaja Sayajirao University of Baroda, Vadodara દ્વારા તા. 28/11/2024 to 9/12/2024 દરમિયાન આયોજિત NEP: 2020 Orientation & Sensitization Programme માં ભાગ લીધો હતો.
13. Energy and Sustainability: Tackling the Global Climate Challenge શીર્ષક હેઠળ Centre of Excellence for Sustainable Development Goals, K.R. Mangalam University, Gurugram and ICERT દ્વારા તા. 30/11/2024ના રોજ આયોજિત One Day International Multidisciplinary Conference માં સહભાગીતા નોંધાવી હતી.
14. Scenrio Development for Climate Change શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 04/12/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.

15. Stress Management and work Life Balance શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 18/12/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
16. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક: 01, જાન્યુઆરી, 2025 માં "વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે પથદર્શક ભગવદગીતા" વિષય પર લેખ પ્રકાશિત કર્યો.
17. International Multidisciplinary Conference on Research (IMCR-2025)માં A Path to Better Education: What India Can Learn from Finland's Educational System શીર્ષક હેઠળ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 4 અને 5 જાન્યુઆરી, 2025 ના રોજ આયોજિત ઈન્ટરનેશનલ સેમિનારમાં જેમાં સહભાગી થઈ સંશોધન પેપર રજૂ કર્યું હતું.
18. Multidisciplinary Approaches to SDGs and Youth Empowerment for Sustainable Development શીર્ષક હેઠળ Teacher's Training College, Bhagalpur, Bihar દ્વારા તા. 12 જાન્યુઆરી, 2025 ના રોજ આયોજિત One Day International Multidisciplinary Conference માં સહભાગીતા નોંધાવી હતી.
19. Life Skills શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 04/02/2025ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
20. NEP 2020 : Empowering Faculty, Enhancing Education શીર્ષક હેઠળ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 8 માર્ચ, 2025 ના રોજ એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.
21. 'Today's Exams: The Role of Students, Teachers, Parents and Society શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat દ્વારા તા. 21 માર્ચ, 2025 ના રોજ એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.
22. CTEF, Gujarat દ્વારા પ્રકાશિત થતું EDUINSPIRE- An International E-Journal(ISSN No. 2349-7076) VOL.II, ISSUE-2, JUNE-2024માં "CREATIVITY IN THE CLASSROOM" વિષય પર લેખ પ્રકાશિત કર્યો.

**પ્રા. અમૃતભાઈ વી. વળવી**

1. Quantitative Data Analysis made easy શીર્ષક હેઠળ બી.આર.બી. કૉલેજ ઓફ કોમર્સ, રાઈચુર, કર્ણાટક દ્વારા તા. 2 સપ્ટેમ્બર થી 7 સપ્ટેમ્બર, 2024ના રોજ ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કર્યું તેમાં ભાગ લીધો.

2. Leveraging Technology for Research and Instruction in Higher Education શીર્ષક હેઠળ કેસીજી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તા. 02 ઓક્ટોબર, 2024 ના રોજ ઓનલાઈન વેબીનારનું આયોજન કર્યું તેમાં ભાગ લીધો.
3. Quantitative Data Analysis through Softwares શીર્ષક હેઠળ બી.આર.બી. કૉલેજ ઓફ કોમર્સ, રાઈચુર, કર્ણાટક દ્વારા તા. 14 સપ્ટેમ્બર થી 19 ઓક્ટોબર, 2024ના રોજ ઓનલાઈન ફેકલ્ટી ડેવેલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કર્યું તેમાં ભાગ લીધો.
4. International Multidisciplinary Conference on Research (IMCR-2025)નું આયોજન શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 4 અને 5 જાન્યુઆરી, 2025 ના રોજ ઈન્ટરનેશનલ સેમિનારનું આયોજન કર્યું તેમાં ભાગ લઈ રિસર્ચ પેપર પ્રેન્ટેશન કર્યું.
5. NEP 2020 : Empowering Faculty, Enhancing Education શીર્ષક હેઠળ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 8 માર્ચ, 2025 ના રોજ એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટનું આયોજન કર્યું હતું. તેમાં ભાગ લીધો.

**પ્રા. ભાવિકા વી. પટેલ**

1. Scenrio Development for Climate Change શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 04/12/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
2. Stress Management and work Life Balance શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 18/12/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
3. International Multidisciplinary Conference on Research (IMCR-2025)નું શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 4 અને 5 જાન્યુઆરી, 2025ના રોજ ઈન્ટરનેશનલ સેમિનારનું આયોજન કર્યું હતું જેમાં સહભાગી થઈ રિસર્ચ પેપર પ્રેન્ટેશન કર્યું.
4. Life Skills શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 04/02/2025ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
5. NEP 2020 : Empowering Faculty, Enhancing Education શીર્ષક હેઠળ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 8 માર્ચ, 2025 ના રોજ એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું જેમાં ભાગ લીધો.

### પ્રા. અમીતકુમાર બી. સુરતી

1. Empowering Educators in AI and IoT શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 13/11/2024ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
2. Scenario Development for Climate Change શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 04/12/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
3. Stress Management and Work Life Balance શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 18/12/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
4. International Multidisciplinary Conference on Research (IMCR-2025)નું આયોજન શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 4 અને 5 જાન્યુઆરી, 2025ના રોજ ઈન્ટરનેશનલ સેમિનારનું આયોજન કર્યું તેમાં ભાગ લઈ રિસર્ચ પેપર પ્રેન્ટેશન કર્યું.
5. NEP 2020 : Empowering Faculty, Enhancing Education શીર્ષક હેઠળ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 8 માર્ચ, 2025 ના રોજ એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. તેમાં ભાગ લીધો.
6. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા માન્ય શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કૉલેજ, પાંડેસરા, સુરત દ્વારા સંચાલિત વ્યાવસાયિક કોર્ષ ICT in Educationમાં સહભાગી થઈ સફળતાપૂર્વક કોર્ષ પૂર્ણ કર્યો હતો.

### પ્રા. સાગર અનિલભાઈ ગાંધી

1. From Premchand to Present: Evolution of Hindi Fiction શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 28/10/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
2. Empowering Educators in AI and IoT શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Govt. of Gujarat દ્વારા તા. 13/11/2024 ના રોજ રાજ્યકક્ષાના વેબીનારમાં ભાગ લીધો હતો.
3. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક: 06, જુલાઈ, 2024માં "ડિજિટલ દુનિયા - પુસ્તક સમીક્ષા" વિષય પર લેખ પ્રકાશિત કર્યો.

4. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક: 07, ઓગષ્ટ, 2024માં "બાળકોમાં મેદસ્વિતા: કારણો, પરિણામો અને ઉકેલો" વિષય પર લેખ પ્રકાશિત કર્યો.
5. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક: 08, સપ્ટેમ્બર, 2024માં "ભાષા પ્રશિક્ષણ માટેની પૂરક પ્રવૃત્તિઓ" વિષય પર લેખ પ્રકાશિત કર્યો.
6. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક: 09, ઓક્ટોબર, 2024માં "બાળરમતો: ખુશી અને આનંદનો અખૂટ ખજાનો" વિષય પર લેખ પ્રકાશિત કર્યો.
7. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક: 02, ફેબ્રુઆરી, 2025માં "પરિવાર પ્રેમ: એક ઔષધ" વિષય પર લેખ પ્રકાશિત કર્યો.
8. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા માન્ય શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કૉલેજ, પાંડેસરા, સુરત દ્વારા સંચાલિત વ્યાવસાયિક કોર્ષ ICT in Educationમાં સહભાગી થઈ સફળતાપૂર્વક કોર્ષ પૂર્ણ કર્યો હતો.
9. International Multidisciplinary Conference on Research (IMCR-2025)નું શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 4 અને 5 જાન્યુઆરી, 2025ના રોજ ઈન્ટરનેશનલ સેમિનારનું આયોજન કર્યું હતું જેમાં સહભાગી થઈ રિસર્ચ પેપર પ્રેન્ટેશન કર્યું.
10. NEP 2020 : Empowering Faculty, Enhancing Education શીર્ષક હેઠળ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા તા. 8 માર્ચ, 2025 ના રોજ એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું જેમાં ભાગ લીધો.

# વર્તમાન સમયમાં AI શિક્ષણમાં ઉપયોગી કે અનુપયોગી ?

- ડૉ. જયશ્રી કાનાણી
કાર્યકારી પ્રધાનાચાર્યા

નમસ્કાર શુભ ચિંતકો.....

આજના આ વિકસતા જતા યુગમાં AI નો ઉમેરો થયો તે શું છે? તેની મનુષ્ય પર કેટલી અસરો પડી રહી છે? તે માટે આજે આપણે શિક્ષણમાં તેનો ઉપયોગ અને નુકશાન વિશે ચર્ચા કરીએ તો ટૅક્નૉલોજીના આ યુગમાં AI ની નવી શોધ તો થઈ પણ માનવીએ પોતાના વિચારો ગુમાવ્યા. એક સેકન્ડમાં વિશ્વભરની માહિતી તો આપતું થયું પણ પુસ્તકો વાંચવાનું બંધ કરાવી દીધું અને પુસ્તકો માત્ર કબાટમાં જ રહી ગયા. AI એ અમુક વિદ્યાર્થીઓ સારી નોકરી અપાવી છે તો અમુકને પાંગળા બનાવે છે. AI ની સારી બાબતોની વાત કરીએ તો નવી ટેકનોલોજીના વિકાસ થી દુનિયાના કોઈપણ ખૂણે કોઈ વ્યક્તિ કે બાબતો વિશે આપણે ખૂબ સરળતાથી જાણકારી પ્રાપ્ત કરી શકીએ છીએ આ ઉપરાંત વિદ્યાર્થીઓને જે મુસીબતો હતી તેનો ઉકેલ આવ્યો અને નવું શીખતો પણ થયો. શિક્ષણમાં AI ઉપયોગી અને હાનિકારક બંને હોઈ શકે છે, તેનો અમલ અને ઉપયોગ આપણે કેવી રીતે કરીએ છીએ તેના પર આધાર રાખે છે.

**શિક્ષણમાં AI ના ઉપયોગી પાસાઓ.**

**વ્યક્તિગત શિક્ષણ :** AI વિદ્યાર્થીઓની જરૂરિયાતોને અનુરૂપ બને છે, તેમને તેમની પોતાની ગતિએ શીખવામાં મદદ કરે છે. કોઈ અગત્યના મુદ્દાની સમજ વર્ગખંડમાં યોગ્ય નથી મળી અથવા તે મુદ્દા પર હજુ વધુ જાણવાની જિજ્ઞાસાવૃતિનો અહી સંતોષ પૂર્ણ કરી શકાય છે. લેખનકાર્ય, અરજી લખાણની રીત, નિબંધ કાર્ય,કવિતા, વિવિધ પંક્તિઓ અને સુવિચાર વિશે વિદ્યાર્થી માહિતી પ્રાપ્ત કરી શકે છે.

**24/7 ઉપલબ્ધતા :** AI-સંચાલિત ટ્યુટર્સ તાત્કાલિક સહાય પૂરી પાડે છે. જે વિદ્યાર્થીઓને ગમે ત્યારે શીખવાની તક આપે છે. નવી માહિતી પ્રદાન કરે છે, અહી વિદ્યાર્થી સ્વ અધ્યયન પણ કરી શકે છે.

**શિક્ષકો માટે સ્વયંસંચાલન :** AI ગ્રેડિંગ અને વહીવટી કાર્યોને સ્વચાલિત કરીને શિક્ષકોના કાર્યભારને ઘટાડે છે. નવીન માહિતી અને અન્ય વિષય સાથે અનુબંધ બાંધી વિડીયો કે ચિત્રો થકી પણ માહિતી પ્રદાન કરે છે.

**ઉન્નત સુલભતા :** AI વિકલાંગ વિદ્યાર્થીઓને સ્પીચ-ટુ-ટેક્સ્ટ, ટેક્સ્ટ-ટુ-સ્પીચ અને અન્ય સહાયક સાધનો પ્રદાન કરીને મદદ કરે છે. વિવિધ ભાષામાં અનુવાદ, સંદેશ, પરીપત્રો, અહેવાલ લેખન, નિબંધ, વાર્તા, કવિતા તૈયાર કરી આપે છે.

**ડેટા-આધારિત આંતરદૃષ્ટિ :** AI વિદ્યાર્થીઓના પ્રદર્શનનું વિશ્લેષણ કરે છે, શિક્ષકોને શિક્ષણ વ્યૂહરચના સુધારવામાં મદદ કરે છે. અવનવી માહિતી સભર PPT અને વિડીયો દ્વારા વિદ્યાર્થીને નવીન જ્ઞાન પ્રદાન કરવામાં પણ ઉપયોગી છે. ઉપકરણ અંગેના પ્રશ્નો તેમજ મળેલ માહિતીનું અર્થઘટન અને પૃથકરણ કરવામાં ઉપયોગી બને છે.

**શિક્ષણમાં AI ના હાનિકારક પાસાઓ**

**AI પર વધુ પડતું નિર્ભરતા :** વિદ્યાર્થીઓ અને શિક્ષકો AI પર નિર્ભર બની શકે છે, જેનાથી ટીકાત્મક વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતા ઓછી થઈ શકે છે. ઊંડાણપૂર્વકની અને અનુભવો તેમજ ઉદાહરણ સાથેની સમજૂતી વર્ગખંડમાં પ્રત્યક્ષ મળે તે વધુ યોગ્ય છે.

**ખોટી માહિતી અને પૂર્વગ્રહ :** AI સાધનો ક્યારેક ખોટી અથવા પક્ષપાતી માહિતી પ્રદાન કરી શકે છે. આ ખોટી માહિતી વ્યક્તિ દ્વારા પીરસાઈ જાય છે અને અન્ય વ્યક્તિ તે સરળતાથી ગ્રહણ પણ કરી લે છે. વ્યક્તિ પોતાના સ્વ વિચારને બાજુ પર મૂકી AI દ્વારા મળેલ માહિતીને સાચી માની પૂર્વગ્રહોનો ભોગ પણ બની શકે છે.

**ગોપનીયતાની ચિંતાઓ :** AI વિદ્યાર્થીઓનો ડેટા એકત્રિત કરે છે, જે સુરક્ષા અને દુરુપયોગ અંગે ચિંતાઓ ઉભી કરે છે. માહિતી પ્રાપ્ત કરવાના અને આગળ વધવાના ઈરાદા એટલા બધા દ્રઢ હોય છે કે AI જે માહિતી આપણી પાસે માંગે તે આપણે આપવા લાગીએ છીએ. આ માહિતીનો વિશાળ ડેટા તૈયાર થાય છે જે હેકરો તેનો ઉપયોગ કરી આપણને મુસીબતમાં મૂકી શકે છે. શિક્ષણ જગત ખૂબ વિશાળ બનતું જાય છે અને આજનો વિદ્યાર્થી તેની પાછળ આંધળી દોડ મૂકે છે.

**માનવીય ક્રિયા-પ્રતિક્રિયાનો અભાવ :** AI માનવ શિક્ષકોના ભાવનાત્મક અને સામાજિક પાસાઓને બદલી શકતું નથી. શિક્ષકના હાવભાવ તેની વિદ્યાર્થી પ્રત્યેની લાગણીથી એકદમ અળગા કરી મૂકે છે. આજે વિદ્યાર્થીને તેમના પ્રિય શિક્ષક કોણ? કે તમે શું બનવા માંગો છો? તે જો પૂછવામાં આવે તો જવાબ આપી શકતા નથી. વિદ્યાર્થી ટેક્નૉલોજિની દુનિયામાં એટલા બધા આગળ નીકળી ગયા કે શિક્ષક કોઈ લાગણી યુક્ત પ્રકરણ પોતાના તમામ ભાવાત્મક પાસાઓ સાથે રજૂ કરે છતાં વિદ્યાર્થીમાં તે ભાવ લાવી શકાતો નથી.

અંતે તો એટલું જ કહેવાનું મન થાય કે AI શિક્ષણમાં એક શક્તિશાળી સાધન છે, પરંતુ તેનો ઉપયોગ પરંપરાગત શિક્ષણના સ્થાને પૂરક તરીકે થવો જોઈએ. નુકસાન ઘટાડીને તેના ફાયદાઓને મહત્તમ કરવા માટે નૈતિક વિચારણાઓ અને યોગ્ય માર્ગદર્શિકા જરૂરી છે.

# Maths and Artificial Intelligence

Dr. Binny V. Mehta
Assistant Professor,

Artificial Intelligence could be used as a powerful and innovative tool in mathematics education. It is poised to transform the way of learning and teaching this subject. The main objective of our study is to provide a more complete and thorough understanding of the role and impact of using AI in mathematics education by determining the trends, the AI methods, the technological applications and the opportunities for utilizing AI by teachers and students. The potential benefits and threats caused by the use of AI are also discussed.

➢ **Mathematics and AI in the Classroom**

1. Mathematical Modeling: Use AI to model real-world problems, such as population growth or financial markets.
2. Data Analysis: Use AI to analyze and visualize data, making it easier for students to understand complex mathematical concepts.
3. Machine Learning: Teach students about machine learning algorithms and how they can be applied to mathematical problems.
4. Geometry and Computer Vision: Use AI to explore geometric concepts, such as object recognition and image processing.
5. Mathematical Games: Develop games that incorporate AI and mathematical concepts, making learning math fun and interactive.

➢ **AI-Powered Tools for Teachers**

1. Mathematical Software: Utilize software like GeoGebra, Desmos, or Mathematica to create interactive math lessons.
2. AI-Based Tutoring Systems: Leverage AI-powered tutoring systems, such as Khan Academy or Carnegie Learning, to provide personalized math support.
3. Automated Grading: Use AI to automate grading, freeing up time for more hands-on, interactive teaching.
4. Mathematical Simulations: Create simulations to help students visualize complex mathematical concepts, such as fractals or chaos theory.

➢ **Professional Development for Teachers**

1. Workshops and Training: Attend workshops and training sessions to learn about AI and mathematical applications.
2. Online Courses: Take online courses, such as those offered by Coursera or edX, to learn about AI and math education.

3. Collaboration with Peers: Share knowledge and best practices with colleagues to integrate AI and math into teaching practices.
4. Stay Updated with Educational Research: Follow educational research and publications to stay informed about the latest developments in AI and math education.

By embracing mathematics and AI in teaching practices, educators can create engaging, interactive, and effective learning experiences for their students.

**Artificial Intelligence (AI) teacher for math subjects:**

➢ **Benefits**

1. Personalized learning: AI teacher can tailor math lessons to individual students' needs, abilities, and learning styles.
2. Interactive and engaging: AI-powered math lessons can include interactive simulations, games, and visualizations, making math more enjoyable and interactive.
3. Real-time feedback: AI teacher can provide instant feedback and assessment, helping students identify areas where they need improvement.
4. Accessibility: AI teacher can reach students with disabilities, remote or underprivileged students, and provide equal access to quality math education.
5. Supplemental support: AI teacher can assist human teachers by providing additional support, freeing up time for human teachers to focus on other aspects of teaching.

➢ **Features**

1. Adaptive assessments: AI teacher can adjust the difficulty level of math problems based on student performance.
2. Mathematical modeling: AI teacher can help students create mathematical models to solve real-world problems.
3. Step-by-step solutions: AI teacher can provide detailed, step-by-step solutions to math problems.
4. Virtual manipulatives: AI teacher can provide interactive virtual manipulatives, such as graphs, charts, and geometric shapes.
5. Natural Language Processing (NLP): AI teacher can understand and respond to students' natural language inputs.

➢ **Technologies Used**

1. Machine Learning (ML): AI teacher can learn from student data and adapt to their needs.
2. Deep Learning: AI teacher can use deep learning algorithms to analyze student performance and provide personalized feedback.

3. Computer Vision: AI teacher can use computer vision to analyze student work and provide feedback on mathematical concepts.
4. NLP: AI teacher can use NLP to understand and respond to students' natural language inputs.

- **Examples of AI Teachers for Math**

1. DreamBox Learning: An online math platform that uses AI to provide personalized math lessons.
2. Khan Academy: A free online learning platform that uses AI-powered math exercises and quizzes.
3. Mathway: An online math problem solver that uses AI to provide step-by-step solutions.
4. Photomath: A mobile app that uses AI-powered math problem solving and step-by-step solutions.

- **Future Developments**

1. Increased personalization: AI teachers will become even more personalized, using machine learning algorithms to adapt to individual students' needs.
2. More interactive simulations: AI teachers will incorporate more interactive simulations and games to make math more engaging and fun.
3. Improved NLP capabilities: AI teachers will become more proficient in understanding and responding to students' natural language inputs.
4. Integration with other subjects: AI teachers will be integrated with other subjects, such as science and language arts, to provide a more holistic education.

The integration of Artificial Intelligence (AI) and mathematics in teaching has the potential to revolutionize the way we learn and teach math. By leveraging AI-powered tools and technologies, educators can create personalized, interactive, and engaging math lessons that cater to diverse learning styles and abilities. By embracing the integration of AI and math in teaching, we can create a more effective, efficient, and engaging math education system that prepares students for success in the 21st century.

# શિક્ષણમાં AI આશીર્વાદરૂપ કે અભિશાપ!?

પ્રા. ભાવિકા વી. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર

દરેક માનવી દિવસે ને દિવસે ટેક્નોલૉજીનો હેવાયો થતો જાય છે. પોતાનાં મિત્રો, સ્વજનો સાથે સમય વિતાવવાની જગ્યા પર ઈલેક્ટ્રોનિક ઉપકરણો પર કલાકોનાં કલાકો વેડફે છે. વિકસતી જતી ટેક્નોલૉજી સાથે કૃત્રિમ બુદ્ધિ (AI) દરેક ક્ષેત્રમાં પ્રવેશી છે. AI એ દરેક ક્ષેત્રમાં વિકાસનો પથ કંડારવાની સાથે પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે. શિક્ષણનું ક્ષેત્ર પણ એમાંથી બાકાત નથી. આજે શિક્ષકો અને વિદ્યાર્થીઓ પોતાનાં જ્ઞાનને સમૃદ્ધ અને અર્થસભર બનાવવા માટે ડગલે ને પગલે AI નો સહારો લે છે. AI નાં ઉપયોગ વગરનાં જીવનની કલ્પના કરવી પણ હવે અશક્ય લાગે છે.

સમયની સાથે બદલાતાં રહો,
ટેક્નોલોજીને અપનાવતા રહો,
AI નાં વાયરા ફૂંકાયા આજ,
એ વાયરાની દિશામાં વહેતાં રહો.
AI નાં ઉપયોગમાં ભૂલો જો વિવેક,
આફત આવશે મોટી એક,
આફત ટાળવા રહો સજ્જ,
શસ્ત્ર સરંજામ તૈયાર કરો આજ.
AI જીવન સુધારશે ચોક્કસ,
પણ જીવન જીવતાં શીખવશે કે?,
મળે જો આ પ્રશ્નનો જવાબ,
તો AI બનશે આશીર્વાદ.
(સ્વરચિત કાવ્ય)

શિક્ષણ ક્ષેત્રે AIનો ઉપયોગ દિવસે ને દિવસે વધતો જાય છે. વિસ્તરતી જતી જ્ઞાનની ક્ષિતિજોને આંબવા AI સહાયક બને છે. આજે દુનિયાનાં કોઈ ખૂણે કંઈક નવી શોધ થાય તો મિનિટોમાં આપણને ખબર પડી જાય છે. જે AI ની જ દેન છે. સતત શીખતાં રહેવું એ શિક્ષકની ફરજ છે. શીખવા માટે પુસ્તકોની સાથે સાથે ટેક્નોલૉજી પણ એટલી જ મદદરૂપ બને છે. ટેક્નોલૉજી દ્વારા શિક્ષકો પોતાના અધ્યાપનને વધુ અસરકારક બનાવી શકે છે. AI નાં શિક્ષણમાં પ્રવેશ સાથે શિક્ષકોનું કામ ઘણું સરળ થયું છે. શિક્ષક પોતાનાં વિષયનું ગુણવત્તાયુક્ત અધ્યાપનકાર્ય વિડીયો, PPT, ચિત્રો, ક્લાઉડ કોમ્પ્યુટિંગ, વિવિધ વેબસાઈટ્સ, MOOC કોર્સ વગેરે દ્વારા કરાવી શકે છે. ઉપરાંત ઘણી વખત શિક્ષકની ગેરહાજરીમાં પણ વર્ગખંડ અધ્યાપનકાર્ય થઈ શકે છે. વિદ્યાર્થીઓ પોતાની ઈચ્છા અનુસાર અધ્યયન કરી શકે છે. વિદ્યાર્થીઓ નવું નવું જ્ઞાન મેળવી પોતાનાં કૌશલ્યોનો વિકાસ કરી

શકે છે. આમ, AIનાં શિક્ષણમાં પ્રદાન થકી શિક્ષણ ક્ષેત્રે વિકાસની કેડી કંડારી શકાય છે. પરંતુ એવાં ઘણાં પ્રશ્નો છે. જેનો જવાબ મેળવવો આજે જરૂરી બને છે.

શું AI વર્ગખંડમાં શિક્ષકનું સ્થાન લઈ શકશે?

શું AI વિદ્યાર્થીઓની લાગણીને સમજી શકશે?

શું AI વિદ્યાર્થીનાં રસ-રુચિને જાણી શકશે?

શું AI શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચેના લાગણીભર્યા સંબંધો જાળવી શકશે?

શું AI માનવીય સંબંધો વિકસાવી શકશે?

શું AI મૂલ્યોનું સિંચન કરી શકશે?

શું AI વિદ્યાર્થિની ભાવનાને સમજી અધ્યાપન કરાવી શકશે?

શું AI વિદ્યાર્થીઓની મૂંઝવણ દૂર કરી શકશે?

શું AI વિદ્યાર્થીઓની મૌલિકતા વિકસાવી શકશે?

શું AI વિદ્યાર્થીઓમાં કૌશલ્યોનો વિકાસ કરી શકશે?

આ અને આવાં ઘણાં પ્રશ્નો છે જેનો ઉકેલ સમય રહેતાં મેળવવો ખૂબ જરૂરી બને છે કારણ કે ટેક્નોલૉજીનાં અઢળક ફાયદાની સાથે તેની કેટલીક મર્યાદાઓ પણ છે. આ મર્યાદાઓ જાણી તેને દૂર કરવાનાં પ્રયત્નોથી શિક્ષણનું સ્તર ઊંચું લાવી શકાય છે. ટેક્નોલૉજી ત્યાં સુધી જ ફાયદારૂપ બને છે જ્યાં સુધી તેનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય છે. જ્યાં વિવેક ભૂલાય ત્યાં વિનાશની શક્યતાઓ રહેલી જ છે. આથી શિક્ષક તરીકે આપણી જવાબદારી બને છે કે આપણે ટેક્નોલૉજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ અને અન્યોને પણ તેમ કરવાં માટે પ્રેરિત કરીએ.

# AI અને આધુનિક હિસાબી વ્યવસ્થામાં ક્રાંતિ

પ્રા. અમીત બી. સુરતી
આસિસ્ટન્ટ પ્રોફેસર

વર્તમાન સમયમાં કૃત્રિમ બુદ્ધિ (AI) હિસાબીશાસ્ત્ર (Accountancy) ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહી છે. પરંપરાગત પદ્ધતિઓની તુલનામાં AI નાણાકીય વ્યવસ્થાને વધુ ઝડપી, ચોકસાઈયુક્ત અને કાર્યક્ષમ બનાવે છે. AI હિસાબી વ્યવહારોની નોંધ અને સાચવણીમાં નવીનતા લાવવા ઉપરાંત, માનવ ભૂલો ઘટાડવા, સમય બચાવવા અને વ્યવસાયિક નિર્ણયો લેવામાં વધુ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.

પ્રસ્તુત લેખમાં AI નો હિસાબી પ્રક્રિયામાં ઉપયોગ દર્શાવવામાં આવ્યો છે.

1. **AI દ્વારા હિસાબી પ્રક્રિયાઓનું સ્વયં સંચાલન (Automation of Accounting Processes through AI) :** હિસાબી પ્રક્રિયાઓના સ્વયં સંચાલનમાં AI નીચેની રીતે મદદરૂપ થાય છે.

**Data Entry and Transaction Processing :** AI સ્વયં સંચાલિત રીતે નાણાકીય દસ્તાવેજો વાંચીને નોંધ કરી શકે છે, જેનાથી માનવ ભૂલો ઘટાડી સમય બચાવી શકાય છે.

**Invoice Processing :** AI આધારિત સિસ્ટમ્સ ઓટોમેટિક બિલ જનરેટ અને પેમેન્ટ રીમાઈન્ડર્સ મોકલી શકે છે, જે નાણાકીય વ્યવસ્થાને વધુ સરળ- ઝડપી બનાવે છે.

**Robotic Process Automation (RPA) :** પુનરાવર્તિત પ્રક્રિયાઓને સ્વયં સંચાલિત કરીને કાર્યક્ષમતા વધારી શકાય છે, જેથી માનવ સંસાધનોને અન્ય મહત્વપૂર્ણ કાર્યો માટે ઉપયોગ કરી શકાય.

2. **છેતરપિંડી શોધ અને નિવારણ (Fraud Detection and Prevention)**

**Machine Learning Algorithms :** શંકાસ્પદ વ્યવહારો(ટ્રાન્ઝેક્શન) ને ઓળખવામાં અને નિરીક્ષણમાં મદદ કરે છે, જે છેતરપિંડી અને નાણાકીય ગુનાઓને અટકાવવામાં મદદરૂપ થાય છે.

**Risk Alerts :** ગેરકાયદેસર આપ લે માટે સ્વયં સંચાલિત ચેતવણીઓ આપી શકે છે, જેનાથી ગેરકાયદેસર આપ લે અંગેના વ્યવહારો ટાળી શકાય છે.

**AI-Based Audit Systems :** નાણાકીય હિસાબોની ચોકસાઈ તપાસવા માટે ઉપયોગી છે, જેનાથી નિષ્ણાતો માટે ઓડિટ પ્રક્રિયા સરળ બની શકે છે.

**3. નાણાકીય આગાહી અને બજેટ આયોજન (Financial Forecasting and Budget Planning)**

**Financial Forecasting:** AI મોટા પ્રમાણમાં ડેટા વિશ્લેષણ કરીને બજારના પ્રવર્તમાન આર્થિક પ્રવાહો અને ખર્ચ અંગેની આગાહી કરી શકે છે.

**Budget Optimization :** AI ખર્ચનું વિશ્લેષણ કરીને બજેટનું યોગ્ય આયોજન કરવામાં મદદ કરે છે, જેથી નાણાકીય સંસાધનોનું યોગ્ય વહન થઈ શકે.

**Risk Management :** રોકાણના જોખમો ઘટાડવા માટે AI માળખાગત વિશ્લેષણ અને ભવિષ્યવાણી દ્વારા સહાય કરી શકે છે. દા. ત. શેરની ખરીદી અને વેચાણ અંગે, મિલકતની ખરીદી અને વેચાણ

**4. કાનૂની નિયમોનું પાલન અને ઓડિટ (Regulatory Compliance and Audit)**

**Tax Filing Automation :** AI ટેક્સ રિટર્નની ચોકસાઈ વધારી ઓટોમેટેડ પદ્ધતિઓ દ્વારા ટેક્સ રિપોર્ટિંગ સરળ બનાવી શકે છે.

**Error Detection:** નાણાકીય ભૂલો શોધવામાં AI મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જેનાથી વ્યાવસાયિકોને બિનજરૂરી દંડ અને મુશ્કેલીઓથી બચાવી શકાય.

**Chatbots & Virtual Assistants:** ટેક્સ અને ઓડિટ સંબંધિત પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે મદદરૂપ થાય છે, જે નાણાકીય વ્યવસ્થાને વધુ સરળ-કાર્યક્ષમ બનાવે છે.

**5. વ્યક્તિગત નાણાકીય સલાહ, અને આયોજન (Personal Financial Advisory and Planning)**

**Expense Tracking :** AI આધારિત નાણાકીય એપ્લિકેશન્સ વ્યક્તિગત ખર્ચનું વિશ્લેષણ કરીને વપરાશકર્તાઓને વધુ સારી રીતે નાણાકીય આયોજનમાં મદદ કરે છે.

**Investment Advisory:** AI રોકાણકારોને બજારના આધારે બિનપક્ષપાતી સલાહ પૂરી પાડી શકે છે, જેનાથી તેઓ વધુ સારું રોકાણ કરી શકે.

**Loan & Credit Analysis:** AI લોન પાત્રતા અને ચુકવણી ક્ષમતાનું મૂલ્યાંકન કરીને નાણાકીય આયોજનમાં સહાય કરી શકે છે.

આમ, AI એકાઉન્ટિંગ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહ્યું છે. તે હિસાબી વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ, ચોકસાઈયુક્ત અને ઓટોમેટેડ બનાવે છે. જો કે, AI ને લાગુ કરતા સમયે તેની મર્યાદાઓ અને જોખમો પણ સમજવાની જરૂર છે. ભવિષ્યમાં AI અને મશીન લર્નિંગ આધારીત વધુ સ્માર્ટ સોલ્યુશન્સ વિકસાવવાની સંભાવના છે.

# The Potential of AI in English Language Teaching

- Sagar A. Gandhi
Assistant professor

The rapid advancement of Artificial Intelligence is revolutionizing various sectors, and education, particularly English Language Teaching, stands to benefit significantly. AI offers innovative solutions to enhance language learning experiences by personalizing instruction, facilitating immersive environments, and catering to diverse learner needs. This introduction will explore the transformative potential of AI in ELT, examining its promises and challenges. This personalized approach can adapt to different learning speeds and address specific needs, fostering active learning, collaboration, and creativity. Furthermore, AI-powered tools offer immediate feedback and assessment, enhancing language skills development. While the potential benefits are immense, challenges such as ensuring unbiased algorithms and maintaining the human element in language education must also be considered.

AI is transforming English Language Teaching. AI-powered platforms offer personalized learning experiences by adapting to individual learning styles and pacing. This personalized approach can address specific needs and learning speeds, leading to more effective language acquisition. AI tools also facilitate interactive and immersive learning environments through virtual simulations and gamified exercises, enhancing engagement and motivation. Moreover, AI-driven assessment and feedback tools provide learners with immediate insights into their progress, allowing for targeted improvement and self-directed learning. However, it's important to acknowledge the challenges associated with integrating AI in ELT, such as ensuring data privacy, addressing potential biases in algorithms, and maintaining the crucial role of human interaction in language learning. This introduction aims to provide a comprehensive overview of the potential of AI in revolutionizing English Language Teaching while acknowledging the ethical considerations and practical implications.

## **The Use of AI in ELT/L**

Artificial intelligence is rapidly transforming the landscape of education, and English language teaching and learning is no exception. AI offers a range of tools and techniques that can enhance the learning process, personalize instruction, and create more engaging and effective learning environments.

One of the key advantages of AI in ELT is its ability to personalize learning experiences. AI-powered platforms can analyze learner data, including their learning styles, strengths, and weaknesses, to tailor lessons and activities to

individual needs. This personalized approach can lead to more effective language acquisition and improved learning outcomes. AI can also adapt to different learning speeds, ensuring that learners are challenged appropriately and progress at their own pace.

AI tools can facilitate interactive and immersive learning environments through virtual simulations, gamified exercises, and interactive chatbots. These technologies can enhance engagement and motivation by providing learners with opportunities to practice their language skills in realistic and engaging contexts. AI-powered assessment and feedback tools offer immediate insights into learner progress, allowing for targeted improvement and self-directed learning. Learners can receive personalized feedback on their pronunciation, grammar, and vocabulary, helping them to identify areas for improvement and track their progress over time.

However, the integration of AI in ELT also presents several challenges. Ensuring data privacy and addressing potential biases in algorithms are crucial ethical considerations. Maintaining the important role of human interaction in language learning is also essential. While AI can automate certain tasks and provide personalized support, the human element of teaching, such as building rapport, providing emotional support, and fostering critical thinking, remains crucial. Furthermore, access to technology and digital literacy can be barriers to implementing AI in certain educational settings. The use of AI in language learning can offer significant benefits, but careful consideration of these challenges is necessary to ensure effective and equitable implementation. AI-based systems can provide fast feedback and quantify input according to student needs. It can also enhance teacher's role as a guide and director. Furthermore, AI based instructional programs provide advantages such as friendly need-based programs, qualitative content and acts as supplementary teacher and student support.

**Applications of AI in ELT/L:**

**Personalized Learning:** AI platforms analyze learner data, including learning styles, strengths, and weaknesses, to tailor lessons and activities to individual needs. This personalized approach can lead to more effective language acquisition and improved learning outcomes. AI can also adapt to different learning speeds, ensuring appropriate challenge and progress. AI-powered systems offer personalized feedback and adapt to student needs.

**Interactive and Immersive Learning:** AI facilitates interactive and immersive environments through virtual simulations, gamified exercises, and interactive chatbots, boosting engagement and motivation by providing opportunities to practice language skills in realistic contexts. Furthermore, AI-

based instructional programs provide advantages such as friendly need-based programs and qualitative content.

**Automated Assessment and Feedback:** AI-powered tools offer immediate insights into learner progress, allowing for targeted improvement and self-directed learning. Personalized feedback can be given on pronunciation, grammar, and vocabulary, helping learners identify areas for improvement. AI-based systems can provide fast, personalized feedback.

**Enhanced Teacher's Role:** AI can automate certain tasks, freeing up teachers to focus on other aspects of teaching, such as building rapport, providing emotional support, and fostering critical thinking. AI can enhance the teacher's role as a guide and director and act as supplementary teacher and student support.

**Accessibility and Affordability:** AI-powered language learning platforms and apps are often more accessible and affordable than traditional language courses, making language learning more inclusive and democratic. It maximizes the teaching impact of English while increasing students' practice ability.

**How teachers are using AI in ELT?**

Teachers are leveraging AI in ELT in diverse ways, transforming how they teach and how students learn. Here's a glimpse into some common practices:

**Personalized Learning and Differentiation:** Teachers use AI-powered platforms to analyze student performance and learning styles, enabling them to create personalized learning paths and differentiate instruction. These platforms can adapt to individual learning speeds and provide targeted feedback and practice exercises.

**Automating Repetitive Tasks:** AI can handle time-consuming tasks like grading multiple-choice quizzes, checking grammar and spelling, and providing initial feedback on writing assignments. This automation frees up teachers' time to focus on more complex tasks like lesson planning, providing personalized support, and facilitating meaningful classroom discussions. teachers use AI tools for creating materials, helping learners practice, creating lesson plans, and correcting learners' English.

**Enhancing Engagement and Interaction:** Teachers utilize AI-powered chatbots, virtual assistants, and interactive simulations to create more engaging and immersive learning experiences. AI systems used for improving teaching and learning. These tools can provide students with opportunities to practice speaking and listening in realistic contexts and receive immediate feedback. example: where teachers used AI to analyze classroom discussions and find ways to improve student participation.

**Data-Driven Insights:** AI can provide teachers with valuable data-driven insights into student learning. Analytics dashboards can track student progress, identify areas where students are struggling, and inform instructional decisions.

using AI for gathering data such as teacher-to-student talk ratio. This data-driven approach can help teachers to tailor their instruction and provide more effective support to their students. The ability of AI to facilitate human tasks and benefit both teachers and students.

**Professional Development and Coaching:** AI can also support teachers' professional development by providing personalized coaching and feedback. AI-powered coaching tools can analyze teachers' classroom practices and offer suggestions for improvement. These tools can help teachers to reflect on their teaching, identify areas for growth, and refine their skills.

It's crucial to remember that AI is a tool to enhance teaching and learning, not replace teachers. The human element remains essential in ELT, particularly in fostering critical thinking, creativity, and social-emotional learning. While challenges remain, the potential of AI to transform ELT is immense, offering exciting possibilities for both teachers and learners.

**AI in ELT: The Future**

Artificial intelligence is already transforming English Language Teaching, and its influence is only expected to grow. explicitly states that "Artificial intelligence is already impacting English language teaching, learning and assessment" and that its impact will undoubtedly continue.

The future of AI in ELT promises even more transformative changes:

**More sophisticated personalization:** As AI algorithms become more sophisticated, personalized learning will become even more precise and effective. We can expect AI to analyze not just student performance but also emotional and cognitive states to optimize learning.

**Seamless integration with learning platforms:** AI will become seamlessly integrated into learning management systems and online learning platforms, creating more dynamic and adaptive learning environments.

**AI-powered content creation:** AI will play a greater role in creating personalized learning content, generating practice exercises, and even developing entire lesson plans.

**Virtual and augmented reality integration:** AI will be integrated with virtual and augmented reality technologies to create highly immersive language learning experiences. Imagine virtual field trips to English-speaking countries or interactive simulations of real-world scenarios.

**Addressing challenges:** Continued research and development will focus on addressing ethical concerns like algorithmic bias and data privacy, ensuring equitable access to AI-powered learning tools.

The future of AI in ELT is full of exciting possibilities. While challenges remain, the potential for AI to create more personalized, engaging, and effective learning experiences is immense.

## AI's Educational Double-Edged Sword: A Call for

- Shakshi Mishra
Semester : 4

In today's modern era of computers, no field is untouched by AI, similarly AI is a very important link in the education system. looking at its increasing use, one feels like asking oneself a question whether the increasing use in the education system will postpone the tender minds of the future? Will these tender hearts and brilliant minds be able to use AI correctly? According to me the use of AI can be very dangerous for the coming student generation, when they can find the solution of everything in seconds just by using AI then why will they solve their important time in a single question. How will today's generation which watches 15 second reel in time be able to give more time to study difficult subjects like maths and science, AI is a boon in every other field, but maybe the newcomers in education will not be able to use it properly, no one can say in this fact that AI explains education in detail along with 3D view, but the coming generation For whom this news can be useful.

AI in education is undoubtedly a remarkable innovation, but its impact on a child's health and memory development raises concerns that cannot be ignored. While AI offers personalized learning experiences and accessible resources, over-dependence on it can lead to unintended consequences for children's mental and physical well-being.

One major concern is the excessive screen time associated with AI-driven learning platforms. Prolonged exposure to screens can lead to eye strain, poor posture, and reduced physical activity, all of which negatively impact a child's health. Additionally, constant reliance on AI tools for answers and solutions may hinder the development of critical thinking and memory retention skills. Memorization and cognitive effort are essential for brain development, and the ease provided by AI could undermine these processes.

Despite these challenges, AI remains a usable tool when implemented thoughtfully. It can support educators by providing supplementary materials, identifying learning gaps, and enabling interactive content. However, its use should be balanced with traditional teaching methods that emphasize hands-on learning, human interaction, and active participation.

In conclusion, while AI in education is a powerful resource, its usage should be carefully monitored to ensure it does not compromise a child's health or cognitive development. A hybrid approach that combines AI with conventional teaching can strike the right balance, ensuring both technological advancement and holistic growth for children.

## AI और शिक्षा का संगम

सिंघ प्राप्ति
सेमेस्टर - 4

तकनीक नई, युग नया आया,
शिक्षा ने भी रूप निखाया।
AI संग अब सीखें हम,
ज्ञान बढ़े हर पल हर दम।

AI गुरु सिखाए झटपट,
हर उत्तर का मिले तुरंत पट।
बोलो भाषा कोई भी तुम,
अनुवाद करे ये हर कदम।

ऑनलाइन कक्षा, स्मार्ट पढ़ाई,
हर विद्यार्थी को समझाई।
व्यक्तिगत हो गई है सीख,
हर बच्चा पाए सही तरीका ठीक।

पर सोचो गर गुरु ना हो,
सिर्फ मशीन से पढ़ना हो।
संवेदनाएँ खो न जाएं,
इंसानी सोच मर न जाए।

बच्चे करें भरोसा मात्र,
सोच-विचार हो जाए कमजात।
सृजनशीलता घट न जाए,
कहीं मशीन ही राज न चलाए।

संतुलन जरूरी है मित्र,
ज्ञान और विवेक हो न विचलित।
AI सहायक, पर गुरु न बने,
शिक्षा के मूल्यों को ना तजे।

# The Ethics of AI in Education: Innovation or Invasion?

Poonam Biswas
Semester - 4

Artificial Intelligence (AI) is rapidly transforming education, offering personalized learning, automated grading, and virtual tutors that enhance student engagement. However, as AI continues to shape the future of learning, a critical question arises: Is AI in education an innovation that improves learning, or is it an invasion of privacy, autonomy, and traditional teaching methods? While AI brings undeniable benefits, ethical concerns surrounding data privacy, bias, teacher-student relationships, and over-reliance on technology must be addressed.

One of the most pressing ethical issues is data privacy and security. AI systems in education collect vast amounts of student data, including learning habits, test scores, and even emotional responses. While this data helps create personalized learning experiences, it also raises concerns about who controls this information and how it is used. If mishandled, sensitive student data could be exploited by third parties, leading to breaches of privacy. Schools and AI developers must ensure that student information remains secure, with strict data protection measures and transparent policies.

Another major concern is bias in AI algorithms. AI systems are only as good as the data they are trained on, and if the training data contains biases, the AI can reinforce inequalities in education. For example, AI-powered grading systems may favour certain language patterns or socioeconomic backgrounds, putting disadvantaged students at a further disadvantage. Similarly, AI-based recruitment tools used in college admissions might



unintentionally discriminate against students from underrepresented backgrounds. To prevent such issues, AI systems must be regularly audited, and diverse datasets should be used to ensure fairness and inclusivity.

AI's role in replacing or reshaping teacher-student relationships is another ethical dilemma. While AI tutors can assist students with instant feedback and adaptive learning, they lack the emotional intelligence, creativity, and mentorship that human teachers provide. Education is not just about

acquiring knowledge; it is also about fostering critical thinking, emotional development, and social skills—areas where AI falls short. An over-reliance on AI could diminish the human connection that is crucial for effective learning. Therefore, AI should be seen as a tool to enhance teaching, not replace teachers.

Additionally, the introduction of AI in classrooms raises concerns about student autonomy and independent thinking. With AI offering solutions at the click of a button, there is a risk that students may become overly dependent on technology rather than developing problem-solving skills. If AI systems provide answers too easily, students may lack the motivation to think critically or engage in deep learning. Educators must strike a balance between using AI for support and encouraging students to develop their own intellectual abilities.

Despite these concerns, AI in education has the potential to democratize learning, making high-quality education accessible to students regardless of geographical location or economic background. AI-driven tools can support students with disabilities, provide real-time translation for multilingual learners, and offer tailored learning experiences that cater to individual needs. When implemented ethically and responsibly, AI can be a force for positive change in education.

Ultimately, AI in education is both an innovation and an invasion—depending on how it is used. It is up to educators, policymakers, and technology developers to ensure that AI serves as a tool for empowerment rather than a source of inequality or control. By prioritizing privacy, fairness, and the irreplaceable role of human teachers, we can harness AI's potential while maintaining the integrity of education.

## આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ : એક પરિચય

**ચૌહાણ રૂપાલી ભરત**
**સેમેસ્ટર - 4**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો અર્થ છે : કૃત્રિમ રીતે વિકસિત બૌદ્ધિક ક્ષમતા.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ** - આજનો યુગ મશીનોનો યુગ છે. આજના સમયમાં બુદ્ધિમત્તા તરીકે મશીનો અને સોફ્ટવેરનો વિકાસ થયો છે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવ બુદ્ધિનું કેન્દ્રબિંદુ બની રહ્યું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ કમ્પ્યૂટર વિજ્ઞાનની અદભૂત અને શક્તિશાળી શોધ છે, જેના

કારણે માનવ સભ્યતા વધુ વિકસિત થઈ છે. માનવ બુદ્ધિ, વિચારો અને લાગણીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અંદર સિમ્યુલેટેડ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી કમ્પ્યૂટર સિસ્ટમ પહેલા કરતા વધુ વિકસિત થઈ ગઈ છે. તેને ટૂંકમાં AI પણ કહેવામાં આવે છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિજ્ઞાનની એક એવી શાખા છે, જેની મદદથી એવા મશીનો તૈયાર કરવામાં આવે છે, જે મનુષ્યની જેમ વિચારીને નાની-મોટી સમસ્યાઓનું નિરાકરણ લાવે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માં, માણસો દ્વારા સૂચવવામાં આવેલા ઉકેલો મશીનની મેમરીમાં સંગ્રહિત થાય છે. માણસનું જ્ઞાન, અનુભવો અને વિચારો એ કમ્પ્યૂટરની પોતાની ભાષામાં એટલે કે મશીનની ભાષામાં અલ્ગોરિધમના રૂપમાં સંગ્રહિત થાય છે, જેનો ઉપયોગ જરૂરિયાત મુજબ પણ થાય છે. આજના સમયમાં આપણે મશીનો પર નિર્ભર છીએ, આપણે આપણા રોજિંદા જીવનમાં પ્રત્યક્ષ અને આડકતરી રીતે કમ્પ્યૂટર ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૅક્નૉલોજીનો ઉપયોગ સમય, પૈસા અને શ્રમ વગેરે જેવા તમામ પ્રકારના ક્ષેત્રોમાં પરસ્પર બદલી કરવામાં આવે છે. જેના કારણે આજના સમયમાં આ મશીનોની ઉપયોગિતા વધુ ને વધુ વધી રહી છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વ્યાખ્યા :** જો સાદા શબ્દોમાં કહીએ તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ શું છે તો આપણે કહી શકીએ કે કમ્પ્યૂટરની મદદથી મશીનમાં માનવ જ્ઞાન, વિચારો, લાગણીઓ લોડ કરવી અને માત્ર કમ્પ્યૂટરની મદદથી તે ટૅક્નૉલોજીનો ઉપયોગ કરવો એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ છે. તમને જાણકારી માટે જણાવી દઈએ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ કોઈ કુદરતી જ્ઞાનનો ભંડાર કે બુદ્ધિ નથી, પરંતુ તે માનવ સંવેદનાઓ, જ્ઞાન, અનુભવો, વિચારો, લાગણીઓ અને બુદ્ધિનો ઉપયોગ છે, તેથી તેને કોમ્પ્યુટેશનલ ઈન્ટેલિજન્સ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેવી રીતે શરૂ થયું?**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ 1950ના દાયકામાં જ શરૂ થયું હતું, પરંતુ તેને 1970ના દાયકામાં ઓળખ મળી. જાપાને પહેલ કરી અને 1981માં ફિફ્થ જનરેશન નામની યોજના શરૂ કરી. તેમાં સુપર કમ્પ્યૂટરના વિકાસ માટે 10-વર્ષના કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી. બાદમાં બ્રિટને આ માટે 'એલવી' નામનો પ્રોજેક્ટ બનાવ્યો. યુરોપિયન યુનિયનના દેશોએ પણ 'એસ્પ્રિટ' નામનો કાર્યક્રમ શરૂ કર્યો. 1983માં, કેટલીક ખાનગી સંસ્થાઓએ મળીને એક કન્સોર્ટિયમ 'માઈક્રો-ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્પ્યૂટર ટૅક્નૉલોજી'ની સ્થાપના કરી હતી, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે લાગુ

પડતી અદ્યતન તકનીકો જેમ કે વેરી લાર્જ સ્કેલ ઈન્ટિગ્રેટેડ સર્કિટ વિકસાવી હતી

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ મુખ્યત્વે નીચેના ઉપકરણોમાં થાય છે.

- મોટાભાગે AIનો ઉપયોગ રોબોટ બનાવવા માટે થાય છે.
- આજની ડિજિટલ અને લક્ઝરી કાર, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન અને એરોપ્લેનમાં પણ તેનો ઉપયોગ થાય છે.
- સુપર કમ્પ્યૂટર અને પર્સનલ કમ્પ્યૂટરમાં AIનો ઉપયોગ થાય છે.
- તેનો ઉપયોગ વિડીયો ગેમ્સ અને કમ્પ્યૂટર ગેમ્સ જેવી વિવિધ પ્રકારની રમતોમાં થાય છે.
- તેનો ઉપયોગ આધુનિક ઉપકરણો જેવા કે માઈક્રોવેવ, ઓવન, આરોગ્ય સંભાળ અને શરીરની સંભાળ અને એર કંડિશનર વગેરેમાં પણ થાય છે.

તાજેતરમાં ઘણી કંપનીઓએ મશીન લર્નિંગ પર ઘણું રોકાણ કર્યું છે. જેના કારણે અમારા માટે ઘણી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પ્રોડક્ટ્સ અને એપ્સ ઉપલબ્ધ છે. તો ચાલો, આજે અમે તમને આવા જ કેટલાક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉદાહરણો આપીએ, જેથી તમે સારી રીતે સમજી શકશો કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કોને કહેવાય?

1. Siri : તમે Siri વિશે સાંભળ્યું જ હશે, તે Apple દ્વારા રજૂ કરાયેલ સૌથી લોકપ્રિય વર્ચ્યુઅલ સહાયક છે. જોકે તે માત્ર iPhone અને iPadમાં જ ઉપલબ્ધ છે. આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

2. Tesla: માત્ર સ્માર્ટફોન જ નહીં પરંતુ ઓટોમોબાઈલ પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તરફ આગળ વધી રહ્યા છે. જો તમે કાર ગીક છો, તો તમારે ટેસ્લા વિશે જાણવું જ જોઈએ. તે અત્યાર સુધી ઉપલબ્ધ શ્રેષ્ઠ ઓટોમોબાઈલ પૈકી એક છે. ટેસ્લા કારમાં માત્ર સ્વ-ડ્રાઈવિંગ જ નહીં પરંતુ ઉત્પાદક ક્ષમતાઓ અને સંપૂર્ણ તકનીકી નવીનતા પણ છે. ખબર નહીં આવી કેટલી વધુ સેલ્ફ ડ્રાઈવિંગ કાર બનાવવામાં આવી રહી છે, જે આવનારા સમયમાં વધુ સ્માર્ટ બની જશે.

3. Google Map : ગૂગલ મેપ્સમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નૉલોજીનો સારો ઉપયોગ કરવામાં આવ્યો છે. કોઈપણ જગ્યાએ જવાનો રસ્તો બતાવવા માટે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મેપિંગ સાથેની વિશાળ ટેક્નૉલોજી રસ્તાઓની માહિતીને સ્કેન કરે છે અને અલ્ગોરિધમનો ઉપયોગ કરીને સાચો માર્ગ જણાવે છે.

# AI અને શિક્ષણ : એક ક્રાંતિકારી પરિવર્તન

પટેલ કાજલ દિલીપભાઈ
સેમેસ્ટર : 4

આજે, વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે, અને ટૅક્નૉલોજી આ પરિવર્તનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) એ એક એવી ટૅક્નૉલોજી છે જેણે આપણા જીવનના લગભગ દરેક પાસાને સ્પર્શી લીધો છે, અને શિક્ષણ પણ તેનો અપવાદ નથી.

AI દ્વારા શિક્ષણમાં પણ હવે તો ડિજિટલ ક્રાંતિ આવી છે. તે વિદ્યાર્થીઓને વધુ સારી રીતે શીખવામાં, શિક્ષકોને તેમના કાર્યમાં મદદ કરી શકે છે અને શિક્ષણને વધુ સુલભ બનાવી શકે છે. AI ની મદદથી, વિદ્યાર્થીઓ તેમની પોતાની ગતિએ શીખી શકે છે, અને શિક્ષકો દરેક વિદ્યાર્થીની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

AI શિક્ષણને વધુ વ્યક્તિગત બનાવી શકે છે. AI વિદ્યાર્થીઓના ડેટાનું વિશ્લેષણ કરીને, તેમની રુચિઓ અને જરૂરિયાતોને સમજી શકે છે અને તેમને અનુરૂપ શિક્ષણ સામગ્રી પ્રદાન કરી શકે છે. આનાથી વિદ્યાર્થીઓ વધુ સારી રીતે શીખી શકે છે અને શિક્ષણમાં વધુ રસ લઈ શકે છે.

AI શિક્ષકોને પણ મદદ કરી શકે છે. AI શિક્ષકોને વહીવટી કાર્યોમાં મદદ કરી શકે છે, જેમ કે ગ્રેડિંગ અને હાજરી લેવી. આનાથી શિક્ષકોને શિક્ષણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માટે સમય મળી શકે છે.

AI શિક્ષણને વધુ સુલભ બનાવી શકે છે. AI દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વિશેષ સાધનો અને અનુવાદ સેવાઓ પ્રદાન કરી શકે છે. આનાથી દરેક વિદ્યાર્થીને શિક્ષણ મેળવવાની સમાન તક મળી શકે છે.

જો કે, AI ના ઉપયોગથી કેટલાક પડકારો પણ ઊભા થઈ શકે છે. AI ના ઉપયોગથી ડેટા ગોપનીયતા અને ખર્ચ જેવા મુદ્દાઓ ઉભા થઈ શકે છે. આપણે આ પડકારોને ધ્યાનમાં રાખીને શિક્ષણમાં AI નો ઉપયોગ કેવી રીતે કરી શકીએ તે અંગે વિચારવું જરૂરી છે.

આમ, AI શિક્ષણમાં પરિવર્તન લાવી રહ્યું છે, અને ભવિષ્યમાં તેની ભૂમિકા વધુ મહત્વની બનવાની સંભાવના છે. AIના ફાયદા અને પડકારોને ધ્યાનમાં રાખીને, આપણે શિક્ષણમાં AIનો ઉપયોગ કેવી રીતે કરી શકીએ તે અંગે વિચારવું જરૂરી છે. આપણે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે AIનો ઉપયોગ બધા વિદ્યાર્થીઓ માટે સમાન તકો ઊભી કરે અને શિક્ષણને વધુ સુલભ બનાવે.

# શિક્ષણ અને AI : બદલાતા સમયની માંગ

પટેલ ભૂમિ દિલીપભાઈ
સેમેસ્ટર :- 4

AI એટલે Artificial Intelligence એટલે કે કૃત્રિમ બુદ્ધિ. એવી કૃત્રિમ બુદ્ધિ કે જેની રચના માનવે સ્વયં કરી છે. આપણે જાણીએ છીએ કે 21 મી સદીમાં દરેક ક્ષેત્રોમાં ટેકનોલોજીએ મહત્વની ભૂમિકા ભજવી છે અને તેમાંય AI એ દરેક ક્ષેત્રોમાં હરણફાળ પ્રગતિ કરી છે તો તેમાં શિક્ષણ જગત કઈ રીતે અલિપ્ત રહી શકે ? આપણે જોઈએ છે કે દિન પ્રતિદિન નવા નવા AI Tools આવી રહ્યા છે અને વર્તમાન સમયમાં શિક્ષણક્ષેત્રે પણ તેનો ઉપયોગ વધી રહ્યો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)એ શિક્ષણ જગતમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવ્યું છે. AI આધારિત સાધનો અને પ્લેટફોર્મ્સ શિક્ષણને વધુ વ્યક્તિગત, સુલભ અને અસરકારક બનાવી રહ્યા છે. AI નો ઉપયોગ કરીને શિક્ષકો પાઠ આપવા પહેલાં સરળતાથી પાઠ આયોજન કરી શકે છે તેમજ AI tools નો ઉપયોગ કરીને સરળતાથી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરી શકે છે.

શિક્ષકો AI ટૂલ્સનો ઉપયોગ કરીને PowerPoint પ્રેઝન્ટેશન, વિડિઓ સામગ્રી, અને અન્ય શૈક્ષણિક સામગ્રી ઝડપથી બનાવી શકે છે તથા શિક્ષકો શાળાના વહીવટી કાર્યો પણ સરળતાથી કરી શકે છે. ભાષા અનુવાદ માટે AI ટૂલ્સ શિક્ષકોને વિવિધ ભાષામાં સામગ્રી પ્રદાન કરવામાં મદદ કરે છે, જે બાળકોને તેમની માતૃભાષામાં શીખવામાં મદદ કરે છે. AI આધારિત પ્લેટફોર્મ્સ વિદ્યાર્થીઓની કુશળતા અને જ્ઞાન સ્તર અનુસાર વૈયક્તિક શિક્ષણ સામગ્રી પ્રદાન કરે છે, જેના કારણે અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ પણ સરળતાથી દૂરસ્થ શિક્ષણ મેળવી શકે છે અને પોતાના જ્ઞાનમાં વધારો કરી શકે છે.

આમ, આપણે જોઈએ છે કે AI ના ઉપયોગથી શિક્ષણ જગતમાં ઘણા મોટા પરિવર્તનો આવ્યા છે પરંતુ દરેક સિકકાની બે બાજુ છે. એ જ રીતે AI ના પણ ફાયદા અને ગેરફાયદા બંને છે. એક મશીન કે ટેકનોલોજી શિક્ષકનું સ્થાન ક્યારેય ન લઈ શકે. કારણ કે શિક્ષક ક્યારેય સાધારણ નથી હોતા. વિદ્યાર્થીઓને ભાવયુક્ત રીતે તેમજ આત્મીયતા સાથે અધ્યાપન કરાવવાનું કાર્ય ફક્ત ને ફક્ત શિક્ષક જ કરી શકે છે. અને જ્યારે બાળક ઘરની બહાર શિક્ષક પાસે રહે છે ત્યારે તેમનામાં મૂલ્યોનું સિંચન પણ એક શિક્ષક જ કરે છે. પરંતુ એક શિક્ષક તરીકે પરિવર્તનને સ્વીકારવું અને અપનાવવું એ અગત્યનું કાર્ય છે કારણ કે વર્તમાન સમયની જરૂરિયાત પ્રમાણે વર્ગખંડની ચાર

દિવાલની અંદર વિદ્યાર્થીઓને રસપ્રદ શિક્ષણ આપવું હોય તો તેમાં AI ખૂબ ઉપયોગી બને છે. તેમજ બાળકોને નવીન જ્ઞાન આપવું હોય તો શિક્ષક AIનો ઉપયોગ કરીને આપી શકે છે પણ શિક્ષકે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે ફક્ત AI ને એક સહાયક સામગ્રી તરીકે ઉપયોગ કરે. કારણ કે દેશનું ભાવિ તેમના હાથમાં ઘડાય રહ્યું છે. તેથી વિદ્યાર્થીઓને AI દ્વારા સાચી અને સચોટ માહિતી આપવી તેમજ કઈ માહિતી તેમને ઉપયોગી છે અને બિનઉપયોગી છે તે શીખવવાનું કાર્ય એક શિક્ષકે જ કરવાનું છે. આમ, ટેકનોલોજી સાથે સુમેળ સાંધીને વિદ્યાર્થીના મિત્ર અને માર્ગદર્શક બનીને દિશા સૂચન કરવાનું કાર્ય શિક્ષક એ જ કરવાનું છે.

આમ, શિક્ષકે ટેકનોલોજી સાથે કદમ મિલાવીને શિક્ષણ જગતને ઊંચાઈના સ્તર પર લઈ જવાનું છે તો જ આપણો દેશ ભવિષ્યમાં વધુને વધુ સમૃદ્ધ બનશે.

## AI : Transforming the Future of Education

Archana Suroshe
Semester : 4

In classrooms bright and screens aglow,
A silent guide begins to grow.
With wisdom vast and circuits keen,
AI transforms the learning scene.

It grades with speed, it speaks with grace,
It bridges time and distant space.
Through data's eye, it sees the way,
And lifts up those who've gone astray.
Yet caution whispers, voices rise,

It tailors lessons, soft and kind,
To match the pace of every mind.
No student lost, no dream too small,
A helping hand to one and all.

To guard the truth, to keep it wise.
For though it aids, it must not lead,
But serve the minds that thirst to read.
So hand in hand, let tech and thought,
Build futures bright, with knowledge wrought.

# AIનો ઉપયોગ

દેસલે વર્ષા
સેમેસ્ટર - 4

યંત્રમંત્રની દુનિયામાં,
AIએ પગલાં મૂકી,
માનવીના શ્રમને ઓછું કરી,
નવી દિશા ફૂંકી.

વિચારશક્તિ પ્રગટે હવે,
મશીનની તાકાતથી,
કામકાજ સરળ થઈ ગયું,
ઝડપભરી ગતિથી.

શિક્ષણમાં છે સાથી બની,
શિક્ષક જેવો સહાયક,
વાણિજ્ય, ચિકિત્સા, કલા,
બધે એ છે કાર્યક્ષમ.

ક્યાંક સજગ રહેવું પડશે,
ના ગુમાવી હુશિયારી,
યંત્રો સહાયક બનવા જોઈએ,
ના બાંધી દે ગુલામી.

સાચા માર્ગે વાપરો એને,
બનીને બુદ્ધિવાન,
AI સાથે માનવ વધે,
ભવિષ્ય બને અજાણ!

# Use of AI in Education

Pradhan Rajlaxmi
Semester : 4

**Introduction**

We live in a society that's constantly changing, and so is changing the education scene. We know that artificial intelligence is taking over many aspects of our daily tasks. And one of the many tasks is education. Access to Education has changed drastically since the COVID 19 pandemic, we've seen education shifting from classroom to screen of mobile phones. Similarly nowadays with the advent and availability of AI on mobile phones the essence of education seems shifting from books to mobile phones. Anything you can get in books is available on AI. Hence

it is rendering books outdated. AI can summaries points of entire books and research papers for you without ever opening it. But there are concerns that it might make kids and learners without passion. It's also possible that AI may even cause stupidity and laziness to rise among kids and learners. Because without research and reading there is no meaning to study. There are also concerns that people are using AI to complete assignments that were to be completed by Students are being completely framed by AI and everyone is somewhat using it.

Artificial Intelligence (AI) is revolutionizing various sectors, including education. AI-driven technologies are reshaping learning methods, improving accessibility, and assisting educators in making teaching more effective. With AI, students can receive personalized learning experiences, instant feedback, and access to a wealth of knowledge at their fingertips. However, while AI offers numerous benefits, it also raises concerns about dependency, critical thinking, and ethical usage in education.

- **Advantages of AI in education**

1. **AI-Powered Smart Classrooms**
   AI assists in managing classrooms with automated attendance and monitoring systems. AI-driven analytics help teachers understand students' performance patterns.
2. **AI in Administrative Tasks**
   Automates grading, scheduling, and student management. Reduces workload for teachers and school administrators.
3. **AI for Special Education**
   AI-powered tools assist students with disabilities through speech-to-text and text – to - speech features. Personalized learning experiences help differently-abled students grasp concepts effectively.
4. **AI in Higher Education and Research**
   AI helps in research by summarizing large volumes of academic papers.
   AI-driven plagiarism detection tools ensure originality in academic writing.
5. **Ethical Concerns and Challenges**
   Over-reliance on AI might reduce students' problem-solving and critical-thinking skills. Issues of data privacy and misinformation need to be addressed.

- **Challenges of AI in Education**

1. **Lack of Human Interaction**
   AI cannot replace the emotional and social connection between teachers and students. Over-reliance on AI may reduce classroom discussions and critical thinking.
2. **Data Privacy and Security Risks**
   AI systems collect vast amounts of student data, raising concerns

about data security. There is a risk of unauthorized access and misuse of personal information.

3. **Bias in AI Algorithms**
AI systems can inherit biases from the data they are trained on. This may lead to unfair grading or misrepresentation of students' abilities.
4. **Dependence on Technology**
Excessive use of AI can make students overly dependent on technology. This may reduce problem-solving and independent thinking skills.
5. **High Implementation Costs**
AI integration requires significant investment in infrastructure and training.

**Conclusion**

AI is transforming education by making learning more accessible, personalized, and efficient. It helps students and teachers by automating tasks, providing instant feedback, and offering innovative learning methods. However, AI should be used as a supportive tool rather than a replacement for traditional education methods. A balanced approach is essential to ensure that students develop critical thinking, creativity, and problem-solving skills alongside AI-driven learning. Proper regulation and ethical considerations must be in place to maximize AI's benefits while minimizing potential risks.

In my conclusion I'd say that ARTIFICIAL INTELLIGENCE is just artificial, it can help completing tasks but cannot become the sole means of achieving the completion.

## AI શીખવાની પદ્ધતિઓને વધુ અસરકારક બનાવે છે

**ચૌધરી તુષાર**
**સેમેસ્ટર - 4**

આજના ટેકનોલોજી યુગમાં કૃત્રિમ બુદ્ધિ (AI) દરેક ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહ્યું છે. શિક્ષણ ક્ષેત્ર પણ આનાથી અજાણ નથી. AI નો ઉપયોગ શિક્ષણમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ઘણા લાભકારી સાબિત થઈ રહ્યો છે. AI શીખવાની પદ્ધતિઓને વધુ અસરકારક અને વૈયક્તિક બનાવે છે.

**AI શેને કહેવાય? :** કૃત્રિમ બુદ્ધિ (Artificial Intelligence) એ એવી ટેકનોલોજી છે જે મશીનોને માનવની જેમ વિચારીને નિર્ણયો લેવાની ક્ષમતા આપે છે. AI મશીનોને ડેટા વિશ્લેષણ, શીખવાની પ્રક્રિયા, અને માનવ જેવા નિર્ણય લેવાના કાર્ય માટે શક્તિ આપે છે. આમાં મશીન લર્નિંગ (Machine Learning), ડીપ લર્નિંગ (Deep Learning) અને નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ (Natural Language Processing) નો સમાવેશ થાય છે.

## શિક્ષણ ક્ષેત્રમાં AI ની ભૂમિકા

AI શિક્ષણમાં વિવિધ રીતે ઉપયોગમાં લેવાઈ રહી છે, જેમ કે:

- વૈયક્તિક શિક્ષણ (Personalized Learning): AI આધારીત પ્લેટફોર્મ વિદ્યાર્થીઓ માટે કસ્ટમાઇઝ શીખવાની તક આપે છે.
- ઓટોમેટેડ ગ્રેડિંગ (Automated Grading): AI શિક્ષકો માટે પેપર ચેકિંગ અને ગ્રેડિંગ કરવાની પ્રક્રિયાને સરળ બનાવે છે.
- સ્માર્ટ ટ્યુટર્સ (Smart Tutors): AI આધારિત ટ્યુટર્સ વિદ્યાર્થીઓને 24X7 માર્ગદર્શન આપે છે.
- વર્ચુઅલ અને ઓગમેન્ટેડ રિયાલિટી (VR/AR): આ ટેકનોલોજી વિજ્ઞાન અને ઇતિહાસ જેવા વિષયોને વધુ રસપ્રદ બનાવે છે.

## શિક્ષકો માટે ફાયદા

AI શિક્ષકો માટે એક સહાયક સાધન છે. તે વિદ્યાર્થીઓની પ્રગતિની ચકાસણી કરી શકે છે અને તેમને વધુ સમય શીખવવામાં ફોકસ કરવા માટે મદદરૂપ થાય છે. AI દ્વારા  સમય બચાવી શકાય છે. વર્ગખંડની વ્યવસ્થા સુધારી શકાય છે. વિદ્યાર્થીઓ માટે વૈયક્તિક અભ્યાસપદ્ધતિ વિકસાવી શકાય છે.

## વિદ્યાર્થીઓ માટે લાભ

AI શીખવાની પ્રક્રિયાને વધુ અસરકારક અને અનુકૂળ બનાવે છે. વિદ્યાર્થીઓ માટે  મુખ્ય લાભ આ પ્રમાણે છે:

- વ્યક્તિગત શીખવાની પદ્ધતિ (Adaptive Learning): AI દરેક વિદ્યાર્થીઓ માટે અલગ શીખવાની પદ્ધતિ વિકસાવે છે.
- 24X7 ઉપલબ્ધિ (Chatbots & Virtual Assistants): વિદ્યાર્થીઓ કોઈપણ સમયે પ્રશ્નો પૂછીને જવાબ મેળવી શકે.
- ભાષા અનુવાદ અને સમજૂતી: AI વિવિધ ભાષાઓમાં અનુવાદ કરી શકે છે, જેથી ભણતર વધુ સરળ બને.

## શક્ય ખતરા અને પડકારો

જ્યાં AI શિક્ષણમાં ઘણું સુધારણું લાવી રહ્યું છે, ત્યાં કેટલાક પડકારો પણ છે, જેમ કે: માહિતીની ગોપનીયતા અને ડેટા સુરક્ષા: AI સંગ્રહિત ડેટા સંભાળવાની ચિંતાઓ ઉઠે છે. શિક્ષકોની ભૂમિકા ઓછી થવાની ભીતિ: કેટલાક લોકો માને છે કે AI શિક્ષકોના સ્થાને આવી શકે છે. વધુ નિર્ભરતા અને ટેકનિકલ સમસ્યાઓ: તમામ શૈક્ષણિક સંસ્થાઓ પાસે AI ટેકનોલોજી માટે જરૂરી સગવડ નથી.

## નિષ્કર્ષ

AI શિક્ષણ ક્ષેત્રમાં એક ક્રાંતિ લાવી રહ્યું છે. જો તેને યોગ્ય રીતે અપનાવવામાં આવે, તો તે શિક્ષણની ગુણવત્તાને ઉંચી સ્તરે લઈ જઈ શકે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે તે અનેક તકો અને પડકારો બંને લાવે છે. આગામી ભવિષ્યમાં, AI શિક્ષણને વધુ અસરકારક અને પારદર્શક બનાવી શકે છે.

# AI ટેક્નોલોજી શિક્ષકનું સ્થાન ન લઈ શકે

ચૌધરી નિલય
સેમેસ્ટર - 4

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ ટેક્નૉલોજી ક્ષેત્રે થયેલી હરણફાળ પ્રગતિની શોધ છે. આજનો યુગ એ ટેક્નૉલોજીનો યુગ છે. શિક્ષણ તેમજ - દરેક ક્ષેત્રે ટેક્નૉલોજીનાં કારણે આપણે ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહ્યા છીએ, સારામાં સારું શિક્ષણ મેળવી રહ્યા છીએ અને પોતાના વિચારો અન્ય વ્યક્તિ સુધી પહોંચાડી રહ્યા છીએ. પ્રશ્ન એ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૅક્નૉલોજી શિક્ષકનું સ્થાન લઈ શકે ખરું? ના. બિલકુલ નહીં. આપણે એ વાત ન ભૂલવી જોઈએ કે માણસ મશીનને ચલાવે છે, મશીન માણસને નહીં. એવી જ રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પણ એ પ્રમાણે જ કામ કરે છે. એના દ્વારા આપણે ખૂબ સારું કામ કરી શકીએ છીએ, આપણી વાત બીજા લોકોને સારી અને સરળ રીતે સમજાવી શકીએ છીએ. અન્ય વ્યક્તિ પાસેથી આપણી ઈચ્છાનુસાર કામ કરાવી શકીએ છીએ; પરંતુ જે માણસનું મૂલ્ય છે, એની શક્તિ છે, એને પણ ન ભૂલવું જોઈએ. માણસ જે વિચારી શકે, કાર્ય કરી શકે, તે મહદ્અંશે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા શક્ય છે, પરંતુ સંપૂર્ણપણે અશક્ય છે.

AI ટેક્નૉલોજી છે, એ શિક્ષક માટે સારથી બની શકે, પણ જ્યારે જીવન શિક્ષણરૂપી રથને હંકારવાનો હોય, ત્યારે પ્રમુખ સ્થાને શિક્ષકને જ રહેવું પડે છે. જેમ આપણે હાથ કે પગ અકસ્માતમાં ગુમાવી બેસીએ, ત્યારે ડોક્ટર એની અવેજીમાં આર્ટિફિશિયલ શરીરનાં અંગો ઉપયોગ કરવાની સલાહ આપે છે, પણ જે આપણને કુદરત તરફથી મળેલા અંગો છે, એવું કામ આ આર્ટિફિશિયલ અંગો વડે થઈ શકતું નથી. એવી જ રીતે, શિક્ષણ ક્ષેત્રમાં પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નૉલોજી છે, એ શિક્ષકનું સ્થાન લઈ શકે નહીં. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના જે આત્મીય સંબંધો છે, એની અવેજીમાં કોઈ મશીનનું સ્થાન હોઈ શકે નહીં.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૅક્નૉલોજી શિક્ષણક્ષેત્રે ક્રાંતિ જરૂર લાવી શકે, પણ જ્યારે શિક્ષણ ક્ષેત્રે વિકાસ લાવવો હોય, ત્યારે શિક્ષકનું સ્થાન કોઈ લઈ શકે એમ નથી. પુસ્તકિયું જ્ઞાન મેળવીને વિદ્યાર્થી જીવનમાં પ્રગતિ સાધી શકશે એવું કહી શકાય નહીં. શિક્ષક એ વિદ્યાર્થીનાં જીવનમાં મિત્ર, માર્ગદર્શક, ફિલોસોફર, સલાહકારની ભૂમિકા ભજવે છે, જે ડગલેને પગલે વિદ્યાર્થીના પ્રત્યેક શૈક્ષણિક પડાવમાં પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડે છે.

# શિક્ષણમાં AIનું સ્થાન અતિ મહત્ત્વનું

ગોસાવી સ્નેહલ દિલીપ
સેમેસ્ટર -4

શિક્ષણમાં AI ના ઉપયોગથી શિક્ષણક્ષેત્રના બે મહત્વપૂર્ણ વર્ગોને કાર્યરત રહેવામાં સરળતા રહે છે. જેમકે શિક્ષકો તેમના વિચારો અને મહત્વપૂર્ણ માહિતીઓને સરળતાથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી શકે છે અને વિદ્યાર્થીઓ પણ પોતાના અભ્યાસમાં તેમજ માહિતી મેળવવામાં AI નો ઉપયોગ કરી શકતા હોય છે. AI એ એકમાત્ર એવી ટૅક્નૉલોજી છે કે જે શિક્ષણક્ષેત્રને ખૂબ જ મદદગાર બની રહી છે. પરંતુ કેટલીક વખતે તેમાં બિનઉપયોગી અથવા ખોટી માહિતીનો પણ સમાવેશ થઈ શકે છે. તેથી AIનો ઉપયોગ કરતી વખતે માહિતીના પ્રાપ્તિસ્થાનો કે સ્ત્રોતો અંગેની જાણકારી હોવી જરૂરી છે ત્યારે જ તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકાય છે.

**શિક્ષણમાં AI ની ભૂમિકા :-**

- વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખીને જુદા જુદા લક્ષણો ધરાવતા વિદ્યાર્થીઓ જુદી જુદી તકનીકો અને સિસ્ટમના મદદથી અભ્યાસ કરી શકે છે.
- શિક્ષકો અને સંશોધકો સ્માર્ટ શિક્ષણ સંદર્ભની સામગ્રીઓ સરતાથી બનાવતા હોય છે.
- AI સંચાલિત શૈક્ષણિક રમતો, અનુકૂલનશીલ શિક્ષણ પ્લેટફોર્મ, સ્વચાલીત ગ્રેડિંગ અને પ્રતિસાદ વગેરેનો શિક્ષણમાં ઉપયોગ થાય છે.
- અભ્યાસક્રમનુ યોગ્ય આયોજન અને વિકાસ કરવામાં AI મદદરૂપ બને છે.
- વાતચીત કરતાં શીખવતા AIના સાધનો દ્વારા ભાષા શુદ્ધિકરણ, પ્રશ્નોનાં જવાબ આપવા, શંકાઓનું નિરાકરણ , વગેરે જેવી બાબતો કરવી શકી બની રહી છે.
